### આધુનિક સમયમાં બિનસાંપ્રદાયિકતાની અનિવાર્યતા

આધુનિક યુગ એ લોકશાહીનો યુગ છે. લોકશાહીમાં બંધારણ દ્વારા અપાતા મૂળભૂત હકોનું ઘણું મહત્ત્વ હોય છે. આ હકોમાં સ્વતંત્રતાનો હક લોકશાહીના હાર્દરૂપ છે. નાગરિકના વ્યક્તિત્વના વિકાસ માટે ભૌતિક અને આધ્યાત્મિક સ્વતંત્રતા જરૂરી છે. આવી આધ્યાત્મિક સ્વતંત્રતા એ સ્વતંત્રતાનો એવો ભાગ છે, જેના વિના લોકશાહી ધબકી શકતી નથી. ધાર્મિક સ્વાતંત્ર્ય બિનસાંપ્રદાયિકતાના સ્વીકારથી જ સાકાર થાય છે. ધર્મસત્તા અને રાજ્યસત્તા બે સત્તાઓ જે જીવન ઉપર શાસન કરે છે તેનાં અધિકારક્ષેત્રો જુદા હોવા જોઈએ. એ બાબત બિનસાંપ્રદાયિકતાને સાકાર કરવા જરૂરી છે. વધુમાં લોકશાહીમાં વ્યક્તિવિકાસની જે તક હોય છે તે બિનસાંપ્રદાયિકતાના આદર્શથી સરળ બને છે. તે વ્યક્તિના વ્યક્તિત્વના માત્ર ભૌતિક કે શારીરિક જ નહિ પરંતુ બિનભૌતિક અને ધાર્મિક વિકાસમાં પણ સહાયક બને છે. બિનસાંપ્રદાયિકતા એ રાજ્યની નીતિ જ નહિ પરંતુ વલણ પણ છે. તે લોકોની જીવનરીતિ છે. જેમાં અસહિષ્ણુતાને અવકાશ નથી. પ્રત્યેક વ્યક્તિને તેના આંતરિક જીવનનો વિકાસ તે તેની રીતે થવા દે છે. બિનસાંપ્રદાયિક જીવનરીતિ સ્થપાતાં સમાજ ધર્મને આંતરિક તથા ગૌણ બાબત ગણે છે અને જાહેર બાબતોને પ્રાથમિક મહત્ત્વ આપે છે. રાજ્ય સામે આફત આવે ત્યારે ધર્મના વાડાઓથી ઉપર ઊઠીને લોકો એક થઈ રાજ્યને સાથ આપે છે.

બિનસાંપ્રદાયિક વલણ વિકસાવવામાં પ્રથમ અને મહત્ત્વની મુશ્કેલી એ છે કે, કેટલાંક પરંપરાગત રાજ્યો વ્યક્તિને એકમ ગણતા નથી. આવાં રાજ્યો વ્યક્તિ જે સમૂહમાં જન્મે છે અને રહે છે તે ધાર્મિક, પ્રાદેશિક કે ભાષાકીય સમૂહને આધારભૂત એકમ ગણે છે જે બરોબર નથી. તેના બદલે વ્યક્તિને મુક્ત રીતે એકમ સ્વરૂપે રાજ્ય સ્વીકારે તે જરૂરી છે. આમ થાય તો રાજ્યમાં અસ્તિત્ત્વ ધરાવતા અને વિરોધી હિતોવાળા સમૂહોનો પ્રભાવ ઘટી જાય. આમ, બિનસાંપ્રદાયિકતા એ આધુનિક રાજ્યનું વિધેયાત્મક વલણ બને છે. તે રાજ્યના માધ્યમથી વ્યક્તિને વિકાસના એકમ તરીકે સંરક્ષણ અને પ્રોત્સાહન પૂરું પાડે છે. આમ થવાથી વ્યક્તિ અને સમાજનું જીવન ઉત્કૃષ્ટ બને છે.

### ભારતમાં બિનસાંપ્રદાયિકતાના ખ્યાલની પ્રસ્તુતતા

બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની સામે 1857માં રાજવીઓના નેતૃત્વ નીચે હિંદુ અને મુસ્લિમ બે કોમમાં મહદંશે એકતા સાથે સ્વાતંત્ર્ય માટે પ્રથમ પ્રયત્ન થયેલો. તેથી અંગ્રેજ સરકારે ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવેલી. આમ થવાથી હિંદુ-મુસ્લિમ બે કોમ વચ્ચે અંતર વધતું ગયું. આખરે પાકિસ્તાનની રચના ધર્મને આધારે થઈ. આજે પાકિસ્તાન પોતાને 'ઇસ્લામિક રીપબ્લિક સ્ટેટ' તરીકે ઓળખાવે છે.

ભારતે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કર્યો છે. ભારતે તમામ ધર્મોનું સહઅસ્તિત્વ જ નહિ પરંતુ તમામ માનવસમૂહો, ધર્મ, નીતિ, રંગ અને લિંગના ભેદભાવ મુક્ત વિકાસના માર્ગે આગળ વધે તેવો સર્વધર્મ સમભાવ કેળવ્યો. લાંબા સમયના સ્વાતંત્ર્યસંગ્રામને લીધે 15મી ઑગસ્ટ, 1947ના રોજ અસ્તિત્વમાં આવેલા ભારતમાં પરસ્પર સહિષ્ણુતા અને બંધુત્વના આદર્શ સાકાર બની શક્યા. આ માટે મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર પટેલનું પ્રેરણાદાયી નેતૃત્વ પણ જવાબદાર હતું.

પરંતુ સમયના પ્રવાહ સાથે રાજકીય, આર્થિક અને સામાજિક કારણોસર ક્યારેક દેશના કોઈ ને કોઈ પ્રદેશોમાં કોમી હુલ્લડો થવા માંડ્યા. તેથી જ આગળ જોયું છે તે પ્રમાણે, 1976માં બંધારણના આમુખમાં સ્પષ્ટ રીતે 'બિનસાંપ્રદાયિકતા' શબ્દ ઉમેરવામાં આવ્યો. આધુનિક ભારતની એકતા, અખંડિતતા અને વિકાસને મહત્ત્વ આપવા બિનસાંપ્રદાયિકતાનો માર્ગ આ રીતે સ્પષ્ટ કરાયો.

સ્વતંત્ર ભારતે સંસદીય લોકશાહીનો માર્ગ અપનાવેલો છે. લોકશાહી ભારત માટે ધર્મ કે ધાર્મિક સમૂહ નહિ પરંતુ વ્યક્તિ એકમ છે. આ વ્યક્તિના વિકાસ દ્વારા જ આખરે રાષ્ટ્ર-રાજ્યનો વિકાસ શક્ય બનવાનો છે. વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વતોમુખી વિકાસ શક્ય બને તે માટે તેને ધાર્મિક સ્વાતંત્ર્યનો મૂળભૂત હક અપાયો છે. આ ધાર્મિક સ્વાતંત્ર્યને બિનસાંપ્રદાયિક આદર્શવાળું ભારત રાજ્ય જ ઉપયોગી બની શકે તેમ છે.

1991થી આપણે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના નવા પ્રવાહો સ્વીકાર્યા છે. તેના દ્વારા ભારતીય સમાજનો સાચો

વિકાસ ત્યારે જ શક્ય બને જ્યારે રાજ્ય માટે પ્રત્યેક નાગરિક સમાન હોય. આર્થિક વિકાસની તકો લોકોને ધાર્મિક ભેદભાવ વગર પૂરી પડાય. ભારતે પ્રાચીન સમયથી 'વસુધૈવ કુટુંબકમ્' ની ભાવના અપનાવેલી છે. તે વૈશ્વિકીકરણના નવા પ્રવાહને મજબૂત બનાવનારી છે. વૈશ્વિકીકરણના યુગમાં ભારતનો નાગરિક વિશ્વ નાગરિકતાનો આદર્શ સાકાર કરે તે માટે પણ બિનસાંપ્રદાયિકતા મહત્ત્વની બને છે. બિનસાંપ્રદાયિકતા નાગરિકમાં સહકાર અને બંધુત્વના ગુણ વિકસાવી શકે છે, તે માનવહકોનું જતન કરે છે જે આખરે વિશ્વશાંતિ અને સહઅસ્તિત્ત્વને પોષક છે.

વૈશ્વિકીકરણે અને ઇન્ફર્મેશન ટેક્નોલૉજીના વિકાસે વિશ્વનાં રાજ્યોની સરહદો ઓળંગીને વિશ્વસમાજને એક બનાવી દીધો છે. આમ છતાં, આંતરરાષ્ટ્રીય રાજકારણની વાસ્વવિકતાને આપણે વિસરી શકીએ એમ નથી. અણુશસ્ત્રો અને લાંબા અંતરના મિસાઈલોની શોધે ભારતની ચીન અને પાકિસ્તાની સરહદોને વધુ સંવેદનશીલ બનાવી દીધી છે. આમ, ભારતની બાહ્ય સુરક્ષા સામે મોટો પડકાર ઊભો થઈ રહ્યો છે. ભારતની આંતરિક શાંતિ, સલામતી, એકતા અને અખંડિતતા જાળવવી ઘણી અગત્યની બની જાય છે. આ આંતરિક મજબૂતાઈ માટે ભારતના વિવિધ ધર્મોના સમૂહો વચ્ચે પરસ્પર સહકાર, સહિષ્ણુતા અને બંધુત્વની ભાવના જળવાય અને દૃઢ બને તે જરૂરી છે. આ બાબત બિનસાંપ્રદાયિકતાના માર્ગે જ સિદ્ધ થઈ શકે તેમ છે. આજના ભારતની આ તાતી જરૂરિયાત છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) રાષ્ટ્ર એટલે શું ? રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચેનો તફાવત સમજાવો.

(2) રાષ્ટ્રવાદ એટલે શું ? તેનાં લક્ષણો જણાવો.

(3) બિનસાંપ્રદાયિકતાનો અર્થ આપી તેની આવશ્યકતા સમજાવો.

(4) ભારતમાં બિનસાંપ્રદાયિકતાના ખ્યાલની પ્રસ્તુતતાની ચર્ચા કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) રાષ્ટ્રનો ખ્યાલ

(2) રાષ્ટ્રવાદનાં લક્ષણો

(3) આધુનિક સમયમાં બિનસાંપ્રદાયિકતાની પ્રસ્તુતતા

(4) વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં બિનસાંપ્રદાયિકતા

(5) ભારતીય પરિપ્રેક્ષ્યમાં બિનસાંપ્રદાયિકતા

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) રાષ્ટ્ર એટલે શું ?

(2) બિનસાંપ્રદાયિકતા એટલે શું ?

(3) રાષ્ટ્રવાદ એટલે શું ?

(4) રાષ્ટ્ર માટે કયાં તત્ત્વો ઉપયોગી છે ?

(5) રાજ્ય માટે કયાં તત્ત્વો અનિવાર્ય ગણાય છે ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) રાષ્ટ્રવાદ માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નેશન' કઈ ભાષામાંથી ઊતરી આવ્યો છે ?

(અ) ઉર્દૂ (બ) લેટિન (ક) ફ્રેન્ચ (ડ) ઇટાલિયન ☐

(2) રાષ્ટ્ર માટે 'રાષ્ટ્રીયતા'ની માનસિક કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે તે રાષ્ટ્ર બને છે એમ કોણે કહેલું ?

(અ) લૉર્ડ કર્ઝન (બ) લૉર્ડ રીપન (ક) લૉર્ડ બ્રાઇસ (ડ) લૉર્ડ માઉન્ટ બેટન ☐

(3) રાષ્ટ્રવાદ એ કેવી ઘટના છે ?

(અ) પ્રાચીન ઘટના છે. (બ) વિવાદાસ્પદ ઘટના છે.

(ક) મધ્યકાલીન ઘટના છે. (ડ) આધુનિક ઘટના છે. ☐

(4) વૈશ્વિક કક્ષાએ બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ ક્યારે મહત્ત્વનો બનેલો ?

(અ) 17મી અને 18મી સદી દરમિયાન (બ) 12મી અને 13મી સદી દરમિયાન

(ક) 9મી અને 10મી સદી દરમિયાન (ડ) 4થી અને 5મી સદી દરમિયાન ☐

(5) બિનસાંપ્રદાયિકતા શબ્દ ભારતના બંધારણમાં કયા બંધારણીય સુધારાથી ઉમેરવામાં આવ્યો ?

(અ) 40મા (બ) 35મા (ક) 45મા (ડ) 42મા ☐

**પ્રવૃત્તિ**

- બિનસાંપ્રદાયિકતાનું દર્શન કરાવતા ચાર્ટ તૈયાર કરવા.
- રાષ્ટ્રીય એકતા મજબૂત બને તે માટે વિવિધ કાર્યક્રમો કરવા. જેવાં કે; પોસ્ટર બનાવવાં, શેરી નાટક ભજવવાં વગેરે.

●

# 4 હક અને નાગરિકતા

આધુનિક સમયમાં લોકશાહી રાજ્યમાં રાજ્યના સભ્યને નાગરિક કહેવામાં આવે છે. રાજ્ય અને નાગરિકને અરસપરસ જોડતી જો કોઈ કડી હોય તો તે છે હકો અને ફરજો.

મનુષ્ય સંસ્કૃતિના લાંબા ઇતિહાસમાં માનવહકોનો સ્વીકાર એક વિરાટ કદમ છે. એક મનુષ્ય તરીકે પોતાનો સ્વીકાર થાય અને એક મનુષ્ય તરીકે ગૌરવપૂર્વક જીવન જીવી શકે, એ માટે માનવજાતે અનેક બલિદાનો આપ્યાં છે. સંયુક્ત રાષ્ટ્રોએ પણ માનવહકોની વૈશ્વિક ઉદ્‌ઘોષણા કરી છે.

**હકનો અર્થ અને ખ્યાલ :** જન્મતાની સાથે જ વ્યક્તિને કોઈ પણ જાતના ભેદભાવ વિના કેટલાક હકો પ્રાપ્ત થાય છે. તે હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે.

સારું જીવન જીવવા માટે જે સામાજિક-રાજકીય પરિસ્થિતિઓ જરૂરી છે તેમને સામાન્ય રીતે હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં વ્યક્તિમાત્રને પોતાના વ્યક્તિત્વના વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે જે જરૂરી સંજોગો અને પરિસ્થિતિઓ હોવી જોઈએ તેને આપણે હકો કહીએ છીએ. આમ, હકો વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. એટલું જ નહિ, વ્યક્તિઓના બનેલા સમાજના વિકાસ માટે પણ હકો જરૂરી છે.

પ્રોફેસર હેરોલ્ડ લાસ્કીના મત મુજબ, મનુષ્યમાં જે કાંઈ શ્રેષ્ઠ છે તેનો વિકાસ કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ એટલે હકો.

બધા સમાજોએ અને સભ્યતાઓએ વધતા-ઓછા પ્રમાણમાં આ હકોનો ખ્યાલ તેમજ તે માટેના સિદ્ધાંતો વિકસાવ્યા છે. પણ આમાંના કેટલાક હકો સાર્વત્રિક અને સર્વ સમાવેશી છે એ ખ્યાલ પણ માનવહકોના પાયામાં રહેલો છે.

સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ 10 ડિસેમ્બર, 1948ના દિવસે માનવહકોની વૈશ્વિક ઘોષણાને સર્વાનુમતિથી બહાલી આપી. તેથી આ દિવસને દુનિયાભરમાં 'માનવહક દિન' તરીકે ઉજવવામાં આવે છે.

હકો એ એવી માંગણીઓ છે, જેને સમાજ અને રાજ્ય માન્ય રાખે છે તથા રાજ્ય તેનું રક્ષણ કરે છે. વ્યક્તિની કોઈ એવી માંગણી હોય જેનો સમાજ સ્વીકાર કરતો ન હોય અને રાજ્ય તેના રક્ષણની ખાતરી આપતું ન હોય તો તેને રાજ્યશાસ્ત્રની પરિભાષામાં હક કહી શકાય નહિ.

**હકોનું મહત્ત્વ :** સંયુક્ત રાષ્ટ્રોએ કરેલી માનવહકોની ઘોષણા વિશ્વના કરોડો લોકોને પોતાના હકો માટે પ્રેરણા આપે છે. જોકે આ વૈશ્વિક ઘોષણા કાનૂની રીતે બંધનકારી દસ્તાવેજ નથી. આ માનવહકોને કંઈક અંશે કાનૂની પીઠબળ પૂરું પાડવા માટે 16 ડિસેમ્બર, 1966ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની મહાસભાએ આ હકોને આવરી લેતી બે આંતરરાષ્ટ્રીય સમજૂતીઓનો સ્વીકાર કર્યો, જે સભ્યરાષ્ટ્રોએ આ સમજૂતીઓ ઉપર સહી કરી તે સભ્યરાષ્ટ્રો માટે આ સમજૂતીઓ નૈતિક રીતે બંધનકારી બને છે. આ સમજૂતીઓમાં કેટલાક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેવાં કે : વિસ્થાપિત લોકોના દરજ્જા વિશેનો, ગુલામીપ્રથા વિશેનો, સ્ત્રીઓ પ્રત્યે આચરવામાં આવતા વિવિધ ભેદભાવોની નાબૂદી વિશેનો તેમજ બાળકોના હકોના રક્ષણસંબંધી બાબતો વગેરે.

સંયુક્ત રાષ્ટ્રોના ખતપત્ર (ચાર્ટર) અને માનવહકોની વૈશ્વિક ઘોષણા પર ભારતે શરૂઆતથી જ હસ્તાક્ષર કર્યા છે. એટલું જ નહિ ભારતના બંધારણના ઘડવૈયાઓએ માનવહકોને મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ગૌરવભર્યું સ્થાન આપ્યું છે. તેમજ મૂળભૂત હકોમાં સમાવિષ્ટ માનવહકોને અદાલત દ્વારા અમલમાં મૂકી શકાય એવા હકો જાહેર કર્યા છે. આપણે ત્યાં રાષ્ટ્રીયકક્ષાએ માનવહક પંચની સ્થાપના પણ કરવામાં આવી છે. કેટલાંક રાજ્યોમાં પણ રાજ્યકક્ષાના માનવહક પંચોની સ્થાપના કરવામાં આવી છે. ભારતમાં આ ક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કામ કરે છે.

**સામૂહિક હકો**

સામાન્ય રીતે વ્યક્તિને હકો આપવામાં આવ્યા હોય છે. આ ઉપરાંત વ્યક્તિઓના કેટલાક સમૂહોને પણ હકો આપવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)એ ઠરાવ કરીને આવા હકો આપ્યા છે. ભારતમાં બંધારણ દ્વારા, કાયદા દ્વારા તથા અદાલતોએ આપેલા ચુકાદાઓ દ્વારા સ્ત્રીઓ, બાળકો, કેદીઓ અને શરણાર્થીઓ જેવા સમૂહોને હકો અપાયા છે, જેને સામૂહિક હકો કહેવાય છે. જે ટૂંકમાં નીચે પ્રમાણે છે :

- સગર્ભા સ્ત્રીને ફાંસીની સજા આપી શકાય નહિ, પરંતુ આ ફાંસીની સજાને આજીવન કેદમાં તબદીલ કરવામાં આવે છે.
- બાળકોને મજૂરીએ રાખી શકાય નહિ.
- છથી ચૌદ વર્ષ સુધીનાં બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ મેળવવાનો હક છે.
- ધાર્મિક, ભાષાકીય કે જાતીય લઘુમતીઓને પોતાની રીતે પોતાનું સાંસ્કૃતિક જીવન જીવવાનો હક છે.
- આરોપી જે ભાષા જાણતો હોય તે ભાષામાં તેને તેની ધરપકડનાં કારણો જાણવાનો હક છે.
- કેદીઓને પોતાના સ્વજનોને મળવાનો, લેખનકાર્ય કરવાનો તથા છાપા વાંચવાનો હક છે.
- સંયુક્ત રાષ્ટ્રોએ શરણાર્થીઓના પુનઃસ્થાપન માટે તથા તેમના હકોની રક્ષા માટે 'યુનાઇટેડ નેશન્સ હાઇ કમિશનર ફૉર રેફ્યુજી' નામની સંસ્થા બનાવી છે.

**નાગરિકનો અર્થ અને ખ્યાલ :** આધુનિક સમયમાં નાગરિકના ખ્યાલ તથા તેની ભૂમિકામાં સારા પ્રમાણમાં પરિવર્તન આવ્યું છે. આજે લોકશાહી રાજ્યનો દરેક સભ્ય નાગરિક ગણાય છે. આ સાથે નાગરિકની બાબતમાં નીચે દર્શાવેલ સમજ ઊભી થઈ છે :

(1) નાગરિક રાજ્યના શાસનતંત્રમાં ભાગ લેતો હોય છે.

(2) તે રાજ્યના કાયદાઓનું પાલન કરતો હોય છે.

(3) તે રાજકીય આજ્ઞાધીનતા ધરાવતો હોય છે.

(4) તેને કેટલાક હકો હોય છે અને તે કેટલીક ફરજોનું પાલન કરતો હોય છે.

લોકશાહી રાજ્યની સફળતા તથા નિષ્ફળતાનો આધાર તેના નાગરિકો ઉપર જ રહેલો હોય છે.

**નાગરિકની વ્યાખ્યા :** નાગરિકો એ રાજકીય સમુદાયના સભ્યો હોય છે. તેઓ થકી રાજ્યની રચના થાય છે અને પોતાના વ્યક્તિગત અને સામૂહિક હકોના રક્ષણ માટે સરકાર પર આધાર રાખે છે તેમજ પોતાની ફરજ બજાવે છે.

આધુનિક સમયમાં સારો નાગરિક તેને ગણવામાં આવે છે, જે સ્વતંત્રતા ભોગવતો હોય અને પોતે અથવા તો પોતાના પ્રતિનિધિઓ દ્વારા કાયદાઓનું ઘડતર કરવામાં મદદરૂપ બનતો હોય તેમજ આ રીતે ઘડાયેલા કાયદાઓનું પાલન કરતો હોય. આજ્ઞાધીનતાને તે પોતાની ફરજ ગણતો હોવા છતાં પણ તે આજ્ઞાધીનતા સાથે સંકળાયેલાં ભયસ્થાનોને જાણતો હોવાથી ન પાળવા જેવી આજ્ઞાઓ સામે તે લોકશાહી ઢબે વિરોધ કરવાના પોતાના અધિકારનો ઉપયોગ પણ કરતો હોય.

**નાગરિકતા :** નાગરિકતાના સંબંધે કાયદાની દૃષ્ટિએ પણ વિચાર કરવો જરૂરી બને છે.

નાગરિકતા એ જે-તે દેશના બંધારણમાં ઉલ્લેખિત અથવા પરંપરાથી સ્વીકૃત અધિકારો અને ફરજો ધરાવતી વ્યક્તિને અપાતો કાયદાકીય દરજ્જો છે. સામાન્ય રીતે જે દેશમાં વ્યક્તિ જન્મે છે તે દેશનો આપોઆપ નાગરિક બને છે.

દરેક નાગરિક દેશને વફાદાર રહેવા અને તેના કાયદાઓનું પાલન કરવા બંધાયેલ હોય છે. તેની સામે રાજ્ય તેના રક્ષણ, સુખાકારી, પરદેશમાંનું તેનું હિત વગેરે જોવા બંધાયેલ છે. પોતાનો નાગરિક અન્ય દેશમાંથી પાછો ફરે ત્યારે તેને સ્વીકારવા દરેક રાજ્ય બંધાયેલું છે. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ બે દેશનું નાગરિકત્વ ધરાવી શકે નહિ, પરંતુ અપવાદરૂપ

કિસ્સાઓમાં કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓને અન્ય દેશનું માનાર્હ નાગરિકત્વ આપવામાં આવતું હોય છે. હકીકતમાં આ પ્રકારનું નાગરિકત્વ રાજકીય ઔપચારિકતા માટે જ હોય છે, જે બંને દેશોને સ્વીકાર્ય હોય છે. એથી ઊલટું, યુદ્ધ કે આંતરવિગ્રહમાં કેટલાક લોકો વિસ્થાપિત થઈને અન્ય દેશોમાં કે દુશ્મને કબજે કરેલા પ્રદેશમાં રહી જતાં હોય ત્યારે તે લોકો નાગરિકત્વ વગરના બની જાય છે.

ભારતીય બંધારણમાં ભારતીય નાગરિક કોને કહેવાય તેની જોગવાઈઓ છે.

**નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?**

નીચે દર્શાવ્યા પ્રમાણે વિવિધ રીતે નાગરિકતા પ્રાપ્ત કરી શકાય છે :

(1) આપણો જે દેશમાં જન્મ થાય, તે દેશના આપણે નાગરિક ગણાઈએ છીએ.

(2) અન્ય દેશની નાગરિકતા મેળવવાના હેતુથી તે દેશમાં કેટલોક સમય વસવાટ કર્યા પછી તે રાજ્યને અરજી કરવી પડે છે. જો રાજ્યને સંતોષ થાય તો રાજ્ય તે વ્યક્તિને દેશનો નાગરિક બનવાની મંજૂરી આપે છે.

(3) એક દેશનો નાગરિક બીજા દેશના નાગરિક સાથે લગ્ન કરે તો તે બીજા દેશનો નાગરિક બની શકે છે. કેટલાક દેશોમાં આવી જોગવાઈ હોય છે.

(4) અન્ય દેશની સરકારને નાગરિકતા માટે અરજી કરવામાં આવે અને જો તે મંજૂર કરવામાં આવે તો વ્યક્તિ તે દેશનો નાગરિક બને છે.

**નાગરિક નીચેનાં કારણોસર નાગરિકતા ગુમાવે છે** :

(1) દેશદ્રોહના ગુના માટે જો તેને સજા થાય તો તે નાગરિક તરીકેના હકો ગુમાવે છે.

(2) પોતાના દેશના નાગરિકત્વનો ત્યાગ કરીને અન્ય દેશનું નાગરિકત્વ સ્વીકારે તો તે નાગરિક પોતાના દેશનું નાગરિકત્વ ગુમાવે છે.

(3) અન્ય દેશની વ્યક્તિ સાથે લગ્નસંબંધથી જોડાય તોપણ પોતાના દેશનું નાગરિકત્વ તે વ્યક્તિ ગુમાવે છે.

આમ છતાં જુદા-જુદા દેશોમાં આ અંગેના કાયદા જુદા જુદા છે.

**બેવડી નાગરિકતા :** કેટલાક સમવાયતંત્રી દેશોના બંધારણમાં નાગરિકોને તેમનાં ઘટક રાજ્યોનું તેમજ સમવાયતંત્રનું નાગરિકત્વ આપવામાં આવે છે. આમ, બે કક્ષાએ નાગરિકત્વ આપવામાં આવતું હોવાથી તેને બેવડી નાગરિકતા કહે છે. જેમ કે અમેરિકા. અમેરિકાના નાગરિકને બેવડી નાગરિકતા મળે છે. ભારતમાં એક જ નાગરિકતાની જોગવાઈ છે. સિવાય કે જમ્મુ-કશ્મીર રાજ્ય. ભારત સરકારે ઑગસ્ટ, 2005માં નાગરિકતા ધારા 1955 માં સુધારો કરી 'ઓવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા' (OCI) નામનો કાયદો બનાવ્યો છે. જેનો અમલ 9 જાન્યુઆરી, 2006 થી થયો. 9 જાન્યુઆરીને પ્રવાસી ભારતીય દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ કાયદા હેઠળ અન્ય દેશની નાગરિકતા ધરાવતો ભારતીય ભારતમાં પણ કેટલાક અધિકારો ભોગવી શકશે. આ કાયદા હેઠળ અન્ય દેશનું નાગરિકત્વ ધરાવતા ભારતીયો ભારતમાં ડૉક્ટર, ડેન્ટિસ્ટ, નર્સ, ફાર્માસિસ્ટ, વકીલ, આર્કિટેક્ટ જેવા વ્યવસાયો કરી શકશે.

આ કાયદા હેઠળ તેમને રાજકીય અધિકારો મળશે નહિ. એટલું જ નહિ, ભારતના બંધારણે કલમ-16માં આપેલો તકની સમાનતાનો અધિકાર પણ મળશે નહિ. તેઓ ભારતમાં ખેતીના હેતુથી જમીન ખરીદી શકશે નહિ.

આ કાયદો પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશોનું નાગરિકત્વ ધરાવતા લોકોને લાગુ પડશે નહિ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) હકનો અર્થ અને ખ્યાલ સમજાવો.

(2) હકનું મહત્ત્વ સમજાવો.

(3) નાગરિકની વ્યાખ્યા આપી, નાગરિકતા વિશે સમજાવો.

(4) નાગરિકતા કેવી રીતે પ્રાપ્ત થાય ?

**2. ટૂંક નોંધ લખો :**

(1) સામુહિક હકો (2) બેવડી નાગરિકતા

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) હક એટલે શું ?

(2) નાગરિકનો અર્થ સમજાવો.

(3) નાગરિકતા એટલે શું ?

(4) નાગરિક કયાં કારણોસર નાગરિકતા ગુમાવે ?

(5) O.C.I. ('ઑવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા') શું છે ?

**4. નીચેનાં પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) પ્રા. લાસ્કીએ આપેલી હકોની વ્યાખ્યા કઈ છે ?

(2) માનવહકોની વૈશ્વિક ઘોષણા કઈ સંસ્થાએ કરી હતી ?

(3) સંયુક્ત રાષ્ટ્રસંઘે માનવહકોની વૈશ્વિક ઘોષણા ક્યારે કરી હતી ?

(4) આપણા બંધારણના ઘડવૈયાઓએ માનવહકોને બંધારણમાં ક્યાં સ્થાન આપ્યું છે ?

(5) O.C.I. ('ઑવરસિઝ સિટિઝનશિપ ઑફ ઇન્ડિયા')નો કાયદો ક્યારે અમલી બન્યો ?

(6) O.C.I. નો લાભ મેળવનાર નાગરિક ભારતમાં કયા વ્યવસાયો કરી શકે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સંયુક્ત રાષ્ટ્રસંઘે કઈ તારીખે માનવહકોની ઘોષણા કરી હતી ? ☐

(અ) 10 ડિસેમ્બર, 1948 (બ) 10 ડિસેમ્બર, 1950
(ક) 10 ડિસેમ્બર, 1955 (ડ) 10 ડિસેમ્બર, 2015

(2) દુનિયામાં 'માનવહક દિન' ક્યારે ઉજવાય છે ? ☐

(અ) 14 ફેબ્રુઆરી (બ) 15 ઑગસ્ટ (ક) 10 ડિસેમ્બર (ડ) 26 જાન્યુઆરી

(3) નીચે પૈકી કઈ બાબત મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો - એમ બંનેમાં સમાવિષ્ટ છે ? ☐

(અ) માનવહકો (બ) ટ્રાફિકના કાયદા
(ક) લગ્નવિષયક કાયદાઓ (ડ) કરવેરાના કાયદાઓ

(4) આપણે જે રાજ્યમાં જન્મ લઈએ તે રાજ્યના આપણે શું ગણાઈએ ? ☐

(અ) સરપંચ (બ) પ્રમુખ (ક) ધારાસભા (ડ) નાગરિક

**પ્રવૃત્તિ**

● વિદ્યાર્થીઓ માટે ધારાશાસ્ત્રીનું વ્યાખ્યાન રાખવું.

●

# 5 ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો

બંધારણ એટલે મૂળભૂત સિદ્ધાંતો જેનાથી રાજ્યનું સ્વરૂપ નક્કી થાય છે. આ સિદ્ધાંતો રાજ્યનાં વ્યવસ્થા તંત્રો, સરકારનાં ત્રણેય અંગો ધારાસભા, કારોબારી, ન્યાયતંત્રની રચના; તેમની વચ્ચેના પરસ્પર સંબંધો તેમજ કાર્યો અને સત્તાનો ઉપયોગ કઈ રીતે કરવાનો છે, તે નિયમોના સમૂહને બંધારણ કહેવામાં આવે છે.

ટૂંકમાં, બંધારણ એટલે રાજ્યનો મૂળભૂત કાયદો.

26મી જાન્યુઆરી 1950ના દિવસે ભારતીય બંધારણનો આરંભ થયો. 26મી નવેમ્બર, 1949નો દિવસ ભારતના બંધારણનો જન્મદિન ગણાય છે પરંતુ, તેનાં બીજ તો બ્રિટિશકાળથી જ રોપાઈ ચૂક્યાં હતાં. અહીં આપણે ભારતના બંધારણની વિકાસગાથાની ચર્ચા કરીશું, કેમ કે તેના પરિચય વિના ભારતના બંધારણનો અભ્યાસ અપૂર્ણ છે.

1928માં મોતીલાલ નેહરુ કમિટિએ ભાવિ ભારતની બ્લ્યૂ પ્રિન્ટ સમાન બંધારણ-ઘડતરનો અહેવાલ આપીને ભાવિ અપેક્ષાઓ અને ક્ષમતાને વાચા આપી. 1929 લાહોર બેઠકમાં 'પૂર્ણ સ્વરાજ', 1930 દાંડીકૂચ સત્યાગ્રહના સંદર્ભમાં 1930થી 1932 દરમિયાન હિંદના ભાવિ બંધારણીય સુધારા માટે ગોળમેજી પરિષદો યોજાઈ અને તેમાં કોમી ચુકાદા દ્વારા ભારતીય લોકોની એકતાને ખંડિત કરવાના પ્રયાસો પણ થયા.

**ઈ.સ. 1935 થી 1940 નો સમયગાળો :** ઇન્ડિયા ઍક્ટ, 1935 નીચે મુજબની જોગવાઈઓ પ્રાપ્ત થઈ :

(1) સમવાયતંત્રને લગતી જોગવાઈ મુખ્ય હતી, જેમાં બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યો એમ બે પ્રકાર હતા.

(2) મધ્યસ્થ કારોબારીમાં ગર્વનર જનરલ, સલાહ સમિતિ અને પ્રધાનમંડળ મળીને મધ્યસ્થ કારોબારી બની. તેને ધારાકીય સત્તાઓ વિશાળ પ્રમાણમાં મળી હતી. મધ્યસ્થ પ્રધાનમંડળની પણ જોગવાઈ થઈ હતી. ગવર્નર જનરલને બંધારણીય વડાનો દરજ્જો અપાયો હતો.

(3) મધ્યસ્થ ધારાસભા દ્વિગૃહી હતી જેમાં (અ) નીચલું ગૃહ કે સમવાયી સભા (બ) ઉપલું ગૃહ, રાજ્યસભા હતી. બંનેને સમાન સત્તાઓ હતી.

(4) પ્રાંતોને લગતી જોગવાઈઓ મુજબ પ્રાંતીય સ્વાયત્તતાનો આંશિક સ્વીકાર થયો.

(5) મધ્યસ્થ ન્યાયાલયની જોગવાઈમાં એક મુખ્ય અને અન્ય છ ન્યાયાધીશોનો સમાવેશ થયો.

(6) આ ઉપરાંત રેલવે બોર્ડ, એટર્ની જનરલ, નાણાકીય સલાહકારની વ્યવસ્થા હતી.

ઈ.સ. 1939માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. ચૂંટાયેલા પ્રતિનિધિઓને પૂછ્યા વિના ભારતને યુદ્ધમાં સામેલ કર્યું. પ્રાંતોના કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં. ભારતનું મન જીતવા ઑગસ્ટ ઑફર આપી, પ્રથમવાર બંધારણ ઘડવાની વાત ઉચ્ચારાઈ.

### ઈ.સ. 1942 થી 1950 સુધીનો સમયગાળો

**ક્રિપ્સ દરખાસ્તો (1942) :** બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટનની પીછેહઠ થઈ રહી હતી ત્યારે વડાપ્રધાન ચર્ચીલે 11 માર્ચ, 1942માં ક્રિપ્સ દરખાસ્તો જાહેર કરી. તેમાં બંધારણ ઘડવા બંધારણસભા રચવાની બાબત, સંઘ અને પ્રાંતોને નવું બંધારણ ઘડવાની છૂટ, અલગ સંઘ રચવાની છૂટ, પ્રધાનમંડળના સભ્યોને સંરક્ષણ સિવાય અન્ય વિષયો બાબત સત્તા આપવાની બાબત મુખ્ય હતી. જોકે, કૉંગ્રેસ અને મુસ્લિમલીગે પણ આનો અસ્વીકાર કર્યો. 1942માં 'હિંદ છોડો'ની લડતમાં લોકોનો તીવ્ર પ્રત્યાઘાત દેખાયો.

**કૅબિનેટ મિશન (1946) :** ઈ.સ. 1945માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું. બ્રિટન વિજયી બન્યું. ચૂંટણીઓ યોજાઈ. ચર્ચીલની હાર થઈ અને મજૂરપક્ષના એટલી વડાપ્રધાન બન્યા. તેઓ ભારતને સ્વતંત્રતા આપવાનો અભિગમ ધરાવતા હતા. તેમણે રજૂ કરેલી યોજના કેબિનેટ મિશન સ્વરૂપે જાણીતી બની. જેમાં બે મુખ્ય વિભાગ હતા : ભાવિ બંધારણીય સ્વરૂપ અને વચગાળાની યોજના.

(1) બ્રિટિશ હિંદ તેમજ દેશી રાજ્યોનો સંઘ બનાવવો અને તેમને મહત્ત્વનાં ખાતાં સોંપવાં. (2) પ્રાંતોમાં ત્રણ જૂથો રચવાં, (3) ચૂંટાયેલ પ્રાંતિક ધારાસભાઓ દ્વારા બંધારણસભાના સભ્યોની ચૂંટણી કરવી જે બંધારણીયસભા તરીકે ઓળખાય. (4) વચગાળાની સરકાર રચવી. આઝાદી આવે તે પહેલાં વચગાળાની વ્યવસ્થા તરીકે, 2 સપ્ટેમ્બર, 1946ના રોજ નેહરુના નેતૃત્વ હેઠળ પ્રધાનમંડળ રચવામાં આવ્યું.

**બંધારણસભાની રચના**

**બંધારણ ઘડતરની પ્રક્રિયા :** કૅબિનેટ મિશન યોજના અંતર્ગત બંધારણસભાની રચના હાથ ધરાઈ. તેના માટે પુખ્તવય મતાધિકારના ધોરણે ચૂંટણી કરીને સમય પસાર કરવો તે પાલવે તેમ ન હતું. આથી નક્કી કરવામાં આવ્યું કે 1946ના જુલાઈમાં પ્રાંતોની ધારાસભાઓની જે ચૂંટણી થઈ છે તેમાં ચૂંટાયેલા ધારાસભ્યો બંધારણસભાના સભ્યોને ચૂંટી કાઢે. આ રીતે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનાર બંધારણસભા પરોક્ષ પદ્ધતિથી રચવામાં આવી. બંધારણસભામાં કુલ 389 સભ્યો હતા, જેમાં બ્રિટિશ પ્રાંતોના 292, બ્રિટિશ હાઈકમિશનર પ્રાંતોના 4 અને દેશી રાજ્યોના 13 પ્રતિનિધિ સભ્યો હતા.

**બંધારણસભાની કામગીરી :** બંધારણસભાની બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ 9મી ડિસેમ્બર, 1946થી થયો. જેમાં કુલ 207 સભ્યોએ હાજરી આપી હતી. મુસ્લિમલીગે તેનો બહિષ્કાર કર્યો. વરિષ્ઠ સભ્ય ડૉ. રાજેન્દ્રપ્રસાદની બંધારણસભાના અધ્યક્ષ તરીકે ચૂંટણી દ્વારા પસંદગી કરવામાં આવી. 13 ડિસેમ્બરે પંડિત જવાહરલાલ નેહરુએ બંધારણના ઉચ્ચ આદર્શો તેમજ પ્રજાની આકાંક્ષાને રજૂ કરતો ઠરાવ મૂક્યો. જેને ક. મા. મુનશી 'પ્રજાતંત્રની ગુરુચાવી' કહે છે. આ સિદ્ધાંતોને અનુરૂપ જ આપણા બંધારણનું ઘડતર થયું છે.

29 ઑગસ્ટ, 1947ના રોજ ડૉ. આંબેડકરના અધ્યક્ષપદે 7 સભ્યોની બનેલી એક મુસદ્દા સમિતિની રચના કરાઈ. આ સમિતિએ દુનિયાનાં બંધારણોનો અભ્યાસ કરીને સારાં તત્ત્વો, મુદ્દાઓ સ્વીકારીને ભારતની સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય પરિસ્થિતિને અનુરૂપ એક મુસદ્દો તૈયાર કર્યો.

**વિવિધ સમિતિઓ :** ઉપરોક્ત મુસદ્દા-સમિતિ ઉપરાંત બંધારણ-ઘડતર માટે વિવિધ સમિતિઓ પણ રચાઈ હતી. તે સમિતિઓને માર્ગદર્શન આપવા અગ્રણી મહાનુભાવોની અધ્યક્ષપદે વરણી કરાઈ હતી.

(1) વિશેષ સમિતિ (2) પ્રક્રિયા સમિતિ (3) સંચાલન સમિતિ (4) પરામર્શન-સલાહકાર સમિતિ (5) કેન્દ્રની સત્તાઓ અંગેની સમિતિ (6) સંઘ સંવિધાન સમિતિ (7) મૂળભૂત અધિકારોની સમિતિ (8) લઘુમતી અધિકારો અંગેની સમિતિ (9) સર્વોચ્ચ અદાલત અંગેની સમિતિ તથા (10) કેન્દ્ર-રાજ્ય વચ્ચેના નાણાકીય સંબંધો અંગેની સમિતિ વગેરેનો સમાવેશ થતો હતો.

આમાંની મોટા ભાગની સમિતિઓના અધ્યક્ષ અને સભ્યો તરીકે પંડિત જવાહરલાલ નેહરુ, વલ્લભભાઈ પટેલ, ડૉ. રાજેન્દ્રપ્રસાદની અસર પ્રભાવક રહી.

બંધારણ-ઘડતરની પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારાઓમાં ડૉ. આંબેડકર, શ્રીકૃષ્ણસ્વામી ઐયર, એન. ગોપાલસ્વામી આયંગર, શ્રી ક. મા. મુનશી, શ્રી ટી. ટી. કૃષ્ણામાચારી, સર બી. એન. રાવ, શ્રી કે. ટી. શાહ, શ્રી મહાવીર ત્યાગી, શ્રી એચ. એન. કુંઝરું, શ્રી જયપાલસિંહ તેમજ મહિલા સભ્યોમાં શ્રીમતી દુર્ગાબાઈનું વિશિષ્ટ પ્રદાન રહ્યું.

બંધારણસભાએ કુલ 12 અધિવેશન બેઠકો દ્વારા 165 દિવસની કામગીરી કરી, જેમાં બંધારણનો મુસદ્દો ઘડતાં કુલ 114 દિવસ વ્યતિત થયા હતા.

બંધારણસભાની કાર્યવાહી પૂર્ણપણે લોકશાહી વાતાવરણમાં થતી અને લાંબી ચર્ચા-વિચારણા તેમજ ટીકાટિપ્પણ અંગે કોઈ પ્રતિબંધ ન હતો. ચોસઠ લાખ રૂપિયાનો કુલ ખર્ચ થયો. સમગ્ર પ્રક્રિયા પાછળ 2 વર્ષ, 11 માસ અને 18 દિવસનો સમય ગયો.

બંધારણ 26 નવેમ્બર, 1949માં તૈયાર કરીને બંધારણસભાએ ત્રણ વાચનમાંથી પસાર કરીને સ્વીકારી લીધું. 24 જાન્યુઆરી, 1950ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદની કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પસંદગી થઈ અને તેમણે તે ખરડા ઉપર સહી કરી. આમ કુલ 395 કલમો અને 8 પરિશિષ્ટોવાળું દુનિયાનું સૌથી વિસ્તૃત અને લાંબું બંધારણ અસ્તિત્વમાં આવ્યું. 26 જાન્યુઆરી 1950થી બંધારણના અમલનો પ્રારંભ થયો. આ દિવસ સમગ્ર ભારતમાં 'ગણતંત્ર' કે 'પ્રજાસત્તાક દિન' તરીકે

ઊજવાય છે. આ સંદર્ભમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહેલા શબ્દો સૂચક છે કે, 'હવે ભારતમાં કોઈ રાજા નથી અને કોઈ પ્રજા નથી, બધા રાજા છે અને બધા પ્રજા છે.'

**ભારતીય બંધારણનાં વિશિષ્ટ લક્ષણો**

**(1) લિખિત કે દસ્તાવેજી બંધારણ :** બ્રિટન અને અમુક અંશે ઇઝરાયલના અપવાદ સિવાય દુનિયાના બધા જ લોકશાહી દેશોનાં બંધારણો લિખિત છે. ભારતે પણ લોકશાહી શાસનવ્યવસ્થા અપનાવી હોઈ આપણી બંધારણસભાએ કાળજીપૂર્વક તેને ઘડ્યું છે. બંધારણસભાના સભ્યો ઉપર પશ્ચિમી ઉદારમતવાદની અસર હતી. બ્રિટિશ સંપર્ક અને અસર હોવા છતાં તેઓએ આપણા દેશની અને આપણા સમાજની પરિસ્થિતિ, પૂર્વ ઇતિહાસ, દેશની બહુવિધતા વગેરેને ધ્યાનમાં લઈને બંધારણ લિખિત સ્વરૂપે રાખવાનું યોગ્ય માન્યું હતું.

**(2) અતિવિસ્તૃત બંધારણ :** આપણા બંધારણનું બીજું મહત્ત્વનું ધ્યાન ખેંચે તેવું લક્ષણ તેની વિસ્તૃતતા છે. ભારતનું બંધારણ દુનિયાનાં લિખિત બંધારણોમાં સૌથી લાંબું અને સૌથી વિગતવાર છે. ભારતનું મૂળ બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું, 395 કલમો અને 8 પરિશિષ્ટો ધરાવતું હતું. જે બાબતોને બંધારણમાં સમાવી શકાઈ નહિ તેવી કેટલીક બાબતોને પરિશિષ્ટ રૂપે મૂકવામાં આવી છે. હાલમાં 12 પરિશિષ્ટો છે. છેલ્લાં 65 વર્ષમાં બંધારણમાં કેટલીક નવી કલમો ઉમેરવામાં આવી છે તો કેટલીક કલમો રદ કરવામાં આવી છે. પણ કલમોના અનુક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આપણા બંધારણમાં ઘણીબધી બાબતોની વિગતે જોગવાઈ કરવામાં આવી હોવાથી આપણું બંધારણ લાંબું બન્યું છે.

**(3) સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, બિનસાંપ્રદાયિક, સમાજવાદી :** બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક, સમાજવાદી, બિનસાંપ્રદાયિક જાહેર કરે છે. સમાજવાદ અને બિનસાંપ્રદાયિક શબ્દો મૂળ બંધારણમાં ન હતા તે 1976માં કટોકટી દરમિયાન 42માં બંધારણીય સુધારા દ્વારા ઉમેરવામાં આવેલા છે. ભારત બહારના તેમજ અંદરના કોઈ પણ જાતના અંકુશોથી મુક્ત છે. દેશના સંચાલન અંગેની સંપૂર્ણ સત્તા સાર્વભૌમ રાજ્યનું લક્ષણ છે. બહારની કોઈ પણ સત્તા ઉપર ભારતે હવે આધાર રાખવાનો નથી.

**(4) સંસદીય લોકશાહી :** ભારતીય બંધારણની કલમ 79 થી 122 ની જોગવાઈ મુજબ કેન્દ્રમાં અને કલમો 153થી 167 મુજબ રાજ્યોમાં સંસદીય સ્વરૂપની સરકારની રચના કરવામાં આવી છે. આ બાબતે આપણે બ્રિટિશ મૉડેલને અપનાવ્યું છે; કારણ કે, પાર્લમેન્ટને જવાબદાર એવી બ્રિટિશ ઢબને સંસદીય લોકશાહીનો આપણને પ્રત્યક્ષ અનુભવ હતો. સંસદીય સરકારનું મહત્ત્વનું લક્ષણ એ છે કે, સાચી સત્તા લોકોના પ્રતિનિધિઓમાંથી બનેલા પ્રધાનમંડળમાં જ સ્થાપિત થયેલી હોય છે. પ્રધાનમંડળની રચના સંસદ સભ્યોમાંથી કરવામાં આવે છે અને પ્રધાનમંડળ લોકો દ્વારા ચૂંટાયેલા સંસદને જવાબદાર હોય છે. નીચલા ગૃહ-લોકસભાનો વિશ્વાસ ધરાવે ત્યાં સુધી જ સત્તા ઉપર રહી શકે છે. સંસદીય સરકાર એ સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત ઉપર કામ કરે છે. તેથી તેને 'જવાબદાર સરકાર' કહેવામાં આવે છે.

**(5) મૂળભૂત હકો :** ભારતના બંધારણના ભાગ 3માં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતના લોકો એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકો તરીકે ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે છ જેટલા મૂળભૂત હકો આપવામાં આવ્યા છે. વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે આ હકો જરૂરી છે. લોકશાહી રાજ્યનું આ અનોખું અને આવશ્યક લક્ષણ છે. મૂળભૂત હકોના રક્ષણ માટે પણ બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે.

**(6) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :** બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કર્યો છે તે એક નવીન પગલું છે. આવા સિદ્ધાંતો આર્યલૅન્ડના બંધારણમાં પણ જોવા મળે છે. સિદ્ધાંતો નૈતિક હોઈ તેનો અમલ રાજ્યની મરજી ઉપર આધારિત છે. દરેક સ્તરની સરકાર તેનો અમલ કરે તે ઇચ્છનીય માનવામાં આવ્યું છે. ગમે તે પક્ષની સરકાર હોય પણ તે આ સિદ્ધાંતોનો અમલ કરવા માટે નૈતિક રીતે બંધાયેલી છે. આ સિદ્ધાંતોમાં સમાજવાદ અને ગાંધીવાદના આદર્શો વ્યક્ત થયેલા છે.

**(7) મજબૂત કેન્દ્રવાળું સમવાયતંત્ર :** ભારતના લાંબા ઇતિહાસનો સૌથી મહત્ત્વનો બોધપાઠ એ છે કે જ્યારે-જ્યારે ભારતનું કેન્દ્રીય શાસન નબળું પડ્યું છે ત્યારે પરદેશી શાસકોએ આક્રમણ કરીને સત્તા પડાવી લીધી છે. કેન્દ્રીય શાસનને એ કારણસર મજબૂત રાખવાની ઐતિહાસિક આવશ્યકતા હતી. ભાષા, સંસ્કૃતિ, ધર્મો વગેરેની પ્રાદેશિક લાક્ષણિકતાઓને પણ

જાળવવી જરૂરી હતી. પરસ્પર વિરોધી લાગતી આવી અનિવાર્યતાઓને ધ્યાનમાં રાખીને બંધારણના ઘડવૈયાઓએ એક વિશિષ્ટ સ્વરૂપનું સમવાયતંત્રનું માળખું અપનાવ્યું છે. સમવાયી પ્રથાનાં લક્ષણોનો સ્વીકાર કરેલો હોવા છતાં કેન્દ્રને મજબૂત બનાવે તેવી સત્તાઓ આપવામાં આવી છે. તેમજ સમગ્ર દેશ માટે એક જ વહીવટી માળખું સ્થાપવામાં આવ્યું છે. આમ છતાં રાષ્ટ્રનું અને બંધારણનું અસ્તિત્વ જોખમમાં હોય ત્યારે કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્રને વધુ સત્તાઓ આપવામાં આવે છે. આથી ઘણા વિચારકો આપણી પ્રથાને 'અર્ધ-સમવાયી'તરીકે પણ ઓળખાવે છે. કટોકટી વખતે આસાનીથી તેને એકતંત્રની વ્યવસ્થામાં બદલી શકાય છે.

**(8) દ્વિગૃહી પ્રથા :** બંધારણે કેન્દ્રમાં દ્વિગૃહી પ્રથાનો સ્વીકાર કર્યો છે. લોકસભા નીચલું ગૃહ છે. તેમાં લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે અને રાજ્યસભા ઉપલું ગૃહ છે. તેમાં રાજ્યોની વિધાનસભાઓ દ્વારા ચૂંટાઈ આવેલ સભ્યો બેસે છે. તેઓ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. રાજ્યસભાની સત્તા ઓછી છે અને નાણાકીય બાબતોમાં તો બિલકુલ ઓછી સત્તા છે. લોકસભાની સત્તાઓ વિશેષ ચઢિયાતી અને કેટલીક બાબતોમાં નિર્ણાયક છે.

કેન્દ્રની જેમ એકમ-રાજ્યોમાં દ્વિગૃહીપ્રથા રાખવી કે એકગૃહી તે રાજ્યોની ઇચ્છા ઉપર છોડવામાં આવ્યું છે. કેટલાંક રાજ્યોએ વિધાનસભા અને વિધાન પરિષદ એવાં બે ગૃહો રાખ્યાં છે. મોટા ભાગનાં રાજ્યોએ એકગૃહી પ્રથા અપનાવી છે.

**(9) ધર્મનિરપેક્ષતા :** ભારતીય બંધારણનું આ ઉમદા લક્ષણ છે.

(i) ભારતનું રાજ્ય ધર્મનિરપેક્ષ છે, જેની ચર્ચા આમુખમાં કરવામાં આવી છે.

(ii) બંધારણની વિવિધ જોગવાઈઓમાંથી ધર્મનિરપેક્ષતા (બિનસાંપ્રદાયિકતા)નું લક્ષણ ફલિત થાય છે.

(iii) ધર્મના આધારે રાજ્ય કોઈ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખતું નથી.

(iv) ધાર્મિક લઘુમતીઓને કેટલાક વિશેષ અધિકારો અને સવલતો આપવામાં આવેલી છે.
બંધારણની આ બધી બાબતો ધર્મનિરપેક્ષ રાજ્યોમાં જ પ્રાપ્ય હોય છે.

(v) ભારતનું રાજ્ય કોઈ ધર્મના સિદ્ધાંતો કે માન્યતાના આધારે ચાલશે નહિ.

**(10) આમુખથી પ્રારંભ :** બંધારણની શરૂઆત આમુખથી થાય છે. તેને પ્રસ્તાવના પણ કહી શકાય. આમુખમાં ભારતીય રાજ્યોનાં મહત્ત્વનાં લક્ષણોની ઝાંખી થાય છે. આમુખની વિગતે ચર્ચા આમુખના મુદ્દામાં કરેલી છે.

**(11) બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ :** લિખિત બંધારણને સમય અને સંજોગોની જરૂરિયાત પ્રમાણે ફેરફાર કરવાની જરૂર પડતી હોય છે. જે સુધારો સાદી બહુમતીથી થઈ શકે તે બંધારણ સુપરિવર્તનશીલ છે. જ્યારે જે સુધારાને વિશિષ્ટ બહુમતીની જરૂર પડે તેને દુષ્પરિવર્તનશીલ કહે છે. ભારતના બંધારણમાં આ બંને તત્ત્વોનું મિશ્રણ કરવામાં આવ્યું છે.

**(12) અદાલતી સમીક્ષા :** અદાલતી સમીક્ષા એ ભારતના બંધારણનું એક વિશિષ્ટ લક્ષણ છે. સંસદે પસાર કરેલા કાયદા, એકમ રાજ્યોની ધારાસભાઓએ ઘડેલા કાયદા, ઉપરાંત કેન્દ્ર અને રાજ્યોની કારોબારી દ્વારા બહાર પડાયેલા આદેશો, સર્વોચ્ચ અદાલત અને રાજ્યની વડીઅદાલતો દ્વારા અપાયેલા ચુકાદાઓ તેમજ બંધારણમાં કરવામાં આવેલા સુધારા આ બધાની સમીક્ષા કરવાની ન્યાયતંત્રની સત્તાને અદાલતી સમીક્ષા કહેવામાં આવે છે. જો અદાલતને એમ લાગે કે ઘડવામાં આવેલા કાયદા, જારી કરવામાં આવેલા આદેશો, કરવામાં આવેલા બંધારણીય સુધારાઓ બંધારણ સાથે સુસંગત નથી તો તે ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે.

**(13) એકીકૃત અને સ્વતંત્ર ન્યાયતંત્ર :** ભારતમાં પિરામિડ આકારના સળંગ અને સુગ્રથિત ન્યાયતંત્રની જોગવાઈ છે. સૌથી ઉપર સર્વોચ્ચ અદાલતની રચના થયેલી છે. તેની નીચે રાજ્યોની વડીઅદાલતો અને તેની નીચે જિલ્લાની અદાલતો તથા તાબાની અદાલતો આવેલી છે. અમેરિકા કે જ્યાં સમવાયીપ્રથા છે, ત્યાં કેન્દ્ર અને રાજ્યોનાં આગવાં અને સમાંતર ન્યાયતંત્રો છે.

ભારતમાં ન્યાયતંત્રને ધારાસભા અને કારોબારીથી અલગ અને સ્વતંત્ર રાખવામાં આવ્યું છે. તેની સ્વતંત્રતાનું રક્ષણ કરવા સંબંધી બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવેલ છે. લોકશાહી રાજ્યવ્યવસ્થાનું તે જરૂરી લક્ષણ ગણાય છે.

**(14) પછાતવર્ગો અને જાતિઓ માટે ખાસ જોગવાઈ :** આપણા બંધારણમાં પછાત સમૂહો અને અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. ધારાગૃહોમાં રાજકીય પ્રતિનિધિત્વ માટે રાજકીય અનામતો, સરકારી

નોકરીઓમાં અનામત બેઠકો અને શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે અનામતોનો લાભ તેમજ તેમને શિક્ષણ માટે શિષ્યવૃત્તિઓ, સુવિધાઓ અને ફી માફીની સગવડનો ખાસ લાભ આપવામાં આવ્યો છે.

**(15) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :** ભારતીય બંધારણ મુજબ 18 વર્ષની ઉંમરના તમામ નાગરિકોને મતાધિકાર આપવામાં આવ્યો છે. બંધારણની કલમ-326 હેઠળ અપનાવવામાં આવેલું સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનું પગલું ઘણું હિંમતભર્યું છે. ખાસ કરીને જ્યાં વસ્તીનો ઘણો ભાગ જ્યારે ગરીબ અને અશિક્ષિત હોય ત્યારે કોઈ પણ જાતના ભેદભાવ વગર માત્ર ઉંમરના ધોરણે જ કલમના એક જ ઝાટકે સ્ત્રી-પુરુષ દરેક નાગરિકને સમાન મતાધિકાર એ ખરેખર જ પ્રગતિશીલ પગલું છે. બધા જ લોકશાહી દેશો કરતાં આપણા દેશના મતદારોની સંખ્યા વધુ છે. સામાન્ય ચૂંટણીઓમાં ઉત્તરોત્તર વધેલી મતદારોની સંખ્યા અને સજાગતા એ તેનું પ્રમાણ કે સફળતાની સાબિતી છે.

**બંધારણમાં સુધારાની પ્રક્રિયા**

સમાજ પરિવર્તનશીલ છે અને રાજ્ય એક સામાજિક સંસ્થા છે. તેથી રાજ્યનું સ્વરૂપ નક્કી કરનાર બંધારણમાં પણ જરૂર પડે, પરિવર્તન એટલે કે સુધારા કરવા જરૂરી બને છે. ભારતનું બંધારણ લેખિત અને દસ્તાવેજી છે. આમ છતાં તે સ્થિતિસ્થાપક પણ છે. ભારતના બંધારણ વિશે એમ.વી પાયલી નામના વિદ્વાને યોગ્ય લખ્યું છે કે, ''એવું કોઈ સમવાયતંત્રી બંધારણ નહિ હોય જે સ્થિતિસ્થાપક તથા મુશ્કેલ એમ બંને સંશોધન-પ્રક્રિયાનો ઉપયોગ કરે આ વિશેષતા માત્ર ભારતના બંધારણમાં જોવા મળે છે.''

**સુધારાની પ્રક્રિયા :** બંધારણમાં સુધારા માટે કલમ 368 નીચે સંસદ ત્રણ રીતે બંધારણમાં સુધારો કરી શકે છે. આવા સુધારા સંસદના કોઈ પણ ગૃહમાં ખરડો રજૂ કરીને થાય છે. સુધારાને કાયદા ઘડતરની જેમ ત્રણ વાંચન અને જરૂર પડે પ્રવર સમિતિને સોંપી શકાય છે. પરંતુ તેને માટે લોકમત લેવાની જોગવાઈ નથી. બંધારણ સુધારાની રીત નીચે પ્રમાણે છે :

**(ક) સાદી બહુમતી દ્વારા :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે કે જેમાં સુધારો કરવા માટે સંસદના હાજર સભ્યોની સાદી બહુમતી જરૂર પડે છે. જેમ કે નાગરિકત્વની યોગ્યતા માટે, રાજ્યોના ઉપલા ગૃહની રચના અને તેના વિસર્જન માટે, સર્વોચ્ચ અને અન્ય ન્યાયાલયોના ન્યાયાધીશોના પગાર અંગે નવાં રાજ્યોની રચના કોઈ રાજ્યના વિસ્તારમાં કે તેની સરહદમાં પરિવર્તન જેવી બાબતો અંગેના સુધારાનો સમાવેશ થાય છે.

**(ખ) બે તૃતીયાંશ બહુમતી દ્વારા :** આગળ જણાવ્યા તે સિવાયની તમામ બાબતોને લગતા સુધારા માટે સંસદના બંને ગૃહોની હાજર સંખ્યાની $\frac{2}{3}$ બહુમતીથી બંધારણમાં સુધારો થઈ શકે છે.

**(ગ) વિશેષ બહુમતી તથા રાજ્યોની સંમતિ :** બંધારણમાં એવી કેટલીક જોગવાઈઓ છે જે કેન્દ્ર-રાજ્ય બંનેને સ્પર્શતી હોય છે. આ જોગવાઈઓ જેવી કે રાષ્ટ્રપતિની ચૂંટણી, કેન્દ્ર અને રાજ્યોની કારોબારી, કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાની વહેંચણી, સંસદમાં રાજ્યોના પ્રતિનિધિત્વમાં સુધારા માટે સંસદના બંને ગૃહોના હાજર સભ્યોની $\frac{2}{3}$ બહુમતી ઉપરાંત ઓછામાં ઓછા 50 % રાજ્યોની સંમતિની જરૂર પડે છે.

આ ત્રણેય રીતોમાંથી કોઈ પણ રીતે પસાર થયેલા બંધારણીય સુધારાને રાષ્ટ્રપતિની સંમતિ માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા પછી બંધારણીય સુધારો અમલમાં આવે છે.

બંધારણની કલમ 356 પ્રમાણે રાજ્યના રાજ્યપાલના અહેવાલથી અથવા અન્ય સ્રોતથી રાષ્ટ્રપતિને ખાતરી થાય કે બંધારણીય જોગવાઈઓ પ્રમાણે રાજ્ય સરકારનો વહીવટ ચાલી શકે તેમ નથી તો રાષ્ટ્રપતિ એ રાજ્યમાં બંધારણીય કટોકટી જાહેર કરી શકે છે. આ કટોકટી જાહેર થતાં એ રાજ્યની થોડીક કે સંપૂર્ણ સત્તા રાષ્ટ્રપતિ લઈ શકે છે. વિધાનસભાને મૂર્છિત કરાય કે વિસર્જિત પણ કરી શકાય છે. આ સમયે સંસદ રાજ્યયાદીના વિષય ઉપર તે રાજ્ય માટે કાયદા ઘડી શકે છે. સંસદ તે રાજ્યનું અંદાજપત્ર પણ ઘડી શકે છે. રાષ્ટ્રપતિ તે રાજ્યની સંચિત નિધિમાંથી ખર્ચ કરી શકે છે. આ સમય તે રાજ્ય માટે 'રાષ્ટ્રપતિશાસન'નો ગણાય છે. તેમાં રાજ્યપાલ રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે સીધો વહીવટ સંભાળે છે. રાષ્ટ્રપતિના જાહેરનામાને બે માસમાં સંસદની મંજૂરી લેવી પડે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) બંધારણસભાની રચના અને તેની કામગીરી સમજાવો.

(2) ભારતીય બંધારણનાં વિશિષ્ટ લક્ષણો દર્શાવો.

(3) બંધારણ-સુધારાની પ્રક્રિયાને સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ક્રિપ્સ દરખાસ્તો

(2) કૅબિનેટ મિશન

(3) બંધારણસભાની વિવિધ સમિતિઓ

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) ભારતના બંધારણનો આરંભ ક્યારે થયો ?

(2) બંધારણના ઘડતરમાં કોણે-કોણે ફાળો આપ્યો છે ?

(3) બંધારણસભાએ ક્યારે કોને અધ્યક્ષ પદે નિમણૂક કરી હતી ?

(4) બંધારણ-ઘડતરની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારે થયો ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) હિંદ છોડો લડત ક્યારે થઈ ? ☐

(અ) 1930 (બ) 1942 (ક) 1947 (ડ) 1950

(2) બીજુ વિશ્વયુદ્ધ ક્યારે પૂરું થયું ? ☐

(અ) 1969 (બ) 1930 (ક) 1945 (ડ) 1950

(3) બંધારણસભામાં કુલ કેટલા સભ્યો હતા ? ☐

(અ) 389 (બ) 395 (ક) 391 (ડ) 292

(4) બંધારણનો મુસદ્દો ઘડતાં કુલ કેટલા દિવસ વ્યતીત થયા હતા ? ☐

(અ) 114 (બ) 124 (ક) 224 (ડ) 165

(5) બંધારણનો અમલ ક્યારે થયો ? ☐

(અ) 1947 (બ) 1950 (ક) 1949 (ડ) 1930

**પ્રવૃત્તિ**

- બંધારણ-ઘડતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રદાન અંગે વાર્તાલાપનું આયોજન કરો.
- બંધારણ-ઘડતરમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા અંગે વાર્તાલાપ અને વિગતો એકત્ર કરો.
- 26 નવેમ્બર બંધારણદિનની ઉજવણીનો કાર્યક્રમ ગોઠવો.

●

# 6 મૂળભૂત હકો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

લોકશાહીમાં નાગરિકના જીવનમાં હકોએ અગત્યનું સ્થાન ધારણ કર્યું છે. સમાજમાં રહેતા મનુષ્યને અનેક પ્રકારની જરૂરિયાતો હોય છે. તેની અમુક જરૂરિયાતો એટલી બધી અગત્યની હોય છે કે જો આ જરૂરિયાતો સંતોષાય નહિ તો મનુષ્ય સાચા અર્થમાં પોતાનું જીવન જીવતો નથી એમ કહી શકાય. અન્ન, વસ્ત્ર અને રહેઠાણની પ્રાથમિક જરૂરિયાતો ઉપરાંત પણ અનેક જરૂરિયાતો મનુષ્યને હોય છે. જે સંતોષવા મનુષ્ય પ્રયત્નશીલ હોય છે. કેમ કે તેમ કરવાથી જ મનુષ્ય પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે છે. વળી વ્યક્તિને તેના વ્યક્તિત્વના વિકાસ અર્થે કુદરત તરફથી પણ અમુક શક્તિ મળેલી હોય છે. આ શક્તિને ખીલવવા માટે હકો અનિવાર્ય છે. માટે હકો ઉદ્‌ભવે છે કે તેનું સર્જન થાય છે. સમાજમાં રહેલી દરેક વ્યક્તિને જરૂરિયાતો હોવાથી તેમજ દરેક પાસે કુદરતી શક્તિ હોવાથી પ્રત્યેક વ્યક્તિએ અન્યની જરૂરિયાતો અને શક્તિને લક્ષમાં રાખીને જ વર્તન-વ્યવહાર કરવાનો હોય છે માટે, દરેકે પોતાના હક ઉપરાંત બીજી બાબતોનો પણ ખ્યાલ રાખવો પડે છે અને તે છે ફરજ. હકની સાથે જ ફરજનો ખ્યાલ જોડાયેલો છે. આપણા હક એ અન્યની આપણા તરફની ફરજ છે અને તેમના હક એ આપણી તેમના તરફની ફરજ છે. આમ હક અને ફરજ એ એક સિક્કાની બે બાજુ સમાન છે.

## મૂળભૂત હકોનો અર્થ

હકોને મનુષ્યના સામાજિક જીવનની અનિવાર્ય જરૂરિયાતો તરીકે ઓળખાવી શકાય. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં કહીએ તો, હકો દ્વારા જ મનુષ્ય પોતાની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે છે. જે વ્યક્તિ હકો ભોગવતી નથી તે પોતાનો વિકાસ કરી શકતી નથી અને પરિણામે તેનું જીવન કુંઠિત થઈ જાય છે. આપણા હકો સમાજથી સ્વતંત્ર નહિ પરંતુ સમાજમાં ઉદ્‌ભવે છે. સમાજ નથી તો હકો નથી. રાજ્ય હકો ઊભા કરતું નથી પરંતુ તે તો માત્ર સમાજ દ્વારા સ્વીકારાયેલા હકોની જાળવણી કરે છે અને અદાલત દ્વારા તેના રક્ષણની ખાતરી આપે છે. ટૂંકમાં કહીએ તો, વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે જે સામાજિક પરિસ્થિતિઓનું હોવું અને ચાલુ રહેવું અત્યંત જરૂરી છે તેને સામાન્ય રીતે વ્યક્તિના હકો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, 'હકો સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેના સિવાય કોઈ પણ મનુષ્ય, પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી શકતો નથી.'

અન્ય રીતે વિચારીએ તો એવું કહી શકાય કે હકોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવે છે. મનુષ્ય તરીકે જન્મતાંની સાથે જ વ્યક્તિ કેટલાક હકોનો હકદાર બને છે માટે આ હકોને માનવહકો તરીકે ઓળખવામાં આવે છે. 10 ડિસેમ્બર, 1948 ના રોજ સંયુક્ત રાષ્ટ્રો (યુએન - UN)ની મહાસભાએ માનવહકોની વૈશ્વિક ઘોષણા (યુનિવર્સલ ડેક્લેરેશન ઑફ હ્યુમન રાઇટ્સ)ને સ્વીકૃતિ આપી, તેમાં આ બધા હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આની પાછળનો મુખ્ય હેતુ એવી પરિસ્થિતિ સર્જવાનો છે કે વિશ્વનાં રાજ્યો અગત્યના હકોનો સ્વીકાર કરીને પોતાના નાગરિકને તે આપે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થયેલ માનવહકોનો સ્વીકાર હકોનું મહત્ત્વ દર્શાવે છે. તેથી જ આપણે 10મી ડિસેમ્બરને 'માનવઅધિકાર દિન' તરીકે મનાવીએ છીએ. માનવહકો પૈકી કેટલાક અત્યંત મહત્ત્વના હકોનો અમલ રાજ્ય દ્વારા થાય છે. અને તેમના રક્ષણની બાંયધરી આપવામાં આવે છે અને એ સારુ તેમને દેશના બંધારણમાં ગૌરવભર્યું સ્થાન આપવામાં આવ્યું હોય છે. આવા અધિકારોને મૂળભૂત હકો કહેવામાં આવે છે.

## મૂળભૂત હકોનું મહત્ત્વ

હકો અંગેની સમજ મેળવ્યા પછી આપણે એટલું ચોક્કસ કહી શકીએ કે, મનુષ્યજીવનમાં હકો અનિવાર્ય છે. દરેક લોકશાહી રાજ્ય પોતાના નાગરિકને મૂળભૂત હકો આપે છે. જે સાચા અર્થમાં નાગરિક બનવા માટે જરૂરી ગણાય છે. હકો સિવાયના મનુષ્યજીવનનો વિચાર કરવો અશક્ય છે. આ રીતે હકોનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે. હકોની અગત્ય કે ઉપયોગિતા આ પ્રમાણે દર્શાવી શકાય :

**(1) વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિનું સ્થાન ઘણું જ મહત્ત્વનું ગણાય છે. તેથી વ્યક્તિના સર્વાંગી વિકાસ અને તેની અભિવ્યક્તિ માટે રાજ્ય વ્યક્તિત્વના સ્વીકાર અને તેના રક્ષણની જવાબદારી લે છે. પરિણામે રાજ્ય હકોનો સ્વીકાર કરે છે, જેથી વ્યક્તિના સર્વાંગી વિકાસની પરિસ્થિતિઓનું નિર્માણ થાય. આપણે આગળ જોયું કે હકો એ સામાજિક જીવનની એવી જરૂરિયાતો છે કે જેમના સિવાય વ્યક્તિમાં જે શ્રેષ્ઠતા રહેલી છે તેને પ્રાપ્ત કરી શકાતી નથી. આ દૃષ્ટિએ હકો એ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અતિ આવશ્યક છે.

**(2) વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ થાય છે :** લોકશાહીમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું મૂલ્ય ઘણું જ છે અને વ્યક્તિ વિવિધ હકો દ્વારા જ વિવિધ સ્વતંત્રતાઓ ભોગવે છે. તેમાં કોઈ બિનજરૂરી દરમિયાનગીરી કરી શકતું નથી. આ રીતે વ્યક્તિ વિવિધ સ્વતંત્રતાઓના ઉપયોગ દ્વારા પોતાની જરૂરિયાતો સંતોષીને પોતાનો વિકાસ સાધી શકે છે.

**(3) સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે :** સત્તા સ્થાને રહેલી સરકાર દ્વારા તેની સત્તાનો દુરુપયોગ ન થાય તે માટે હકોના સ્વીકાર દ્વારા સરકારની સત્તા પર અંકુશ મૂકવામાં આવે છે. કારણ કે જ્યારે હકોનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે સરકાર નાગરિકોના જીવનમાં ગેરવાજબી દખલગીરી કરી શકે નહિ. સરકારની બંને શાખા - કારોબારી તથા ધારાસભાએ પણ સચેત રહી પોતાનું કાર્ય કરવાનું હોય છે. કાયદાનું ઘડતર કરતી વખતે ધારાસભા સતત એ બાબતને ધ્યાનમાં રાખે છે કે પોતાના કાયદા દ્વારા અયોગ્ય રીતે કોઈ પણ હકનો ભંગ તો થતો નથી ને ? આ જ રીતે કારોબારી પણ એવું કોઈ પગલું ન ભરી શકે કે જેથી હકોનો અયોગ્ય રીતે ભંગ થાય. આમ, આ બંને શાખાઓએ પોતપોતાની સત્તાનો ઉપયોગ કરતી વખતે હકોને નજર સમક્ષ રાખવાના હોય છે. તેમ છતાં પણ જો કોઈ પણ રીતે હકોનો ભંગ થતો જણાય તો ન્યાયતંત્ર તેવાં પગલાંને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે. આમ હકોના સ્વીકારથી સરકારની સત્તા પર નિયંત્રણ મુકાય છે.

**(4) લઘુમતીઓના હિતોનું રક્ષણ થાય છે :** લોકશાહી રાજ્યમાં ધાર્મિક, પ્રાદેશિક, ભાષાકીય, સાંસ્કૃતિક વગેરે જેવી લઘુમતીઓ અસ્તિત્વ ધરાવતી હોય છે. હકોના સ્વીકાર દ્વારા લઘુમતીઓને તેમના હિતોનું રક્ષણ થશે તેવી ખાતરી આપવામાં આવે છે. જેથી તેઓ નિશ્ચિંતતા અનુભવે છે. જે લોકશાહી માટે આવકારદાયક ગણાવી શકાય. ભારતમાં પણ અનેક પ્રકારના લઘુમતીઓ હોવાથી ધાર્મિક સ્વાતંત્ર્ય, શિક્ષણ સ્વાતંત્ર્ય, સંસ્કૃતિવિષયક સ્વાતંત્ર્ય વગેરે મૂળભૂત હકો દ્વારા લઘુમતીઓનાં હિતોના રક્ષણની ખાતરી આપવામાં આવી છે.

**(5) રાજ્યનું મૂલ્ય નક્કી થાય છે :** રાજ્ય સારું છે કે નઠારું તે પોતાના નાગરિકોને જે હકો પ્રદાન કરે છે તેના પરથી નક્કી થાય છે. હકો દ્વારા રાજ્ય વ્યક્તિઓનું રક્ષણ કરવાની જવાબદારી લે છે. હકોનો સાચા અર્થમાં સ્વીકાર કરનાર રાજ્યમાં સત્તાનું કેન્દ્રીકરણ થતું નથી અને લોકશાહીનો સારી પેઠે અમલ શક્ય બને છે. આમ, દરેક રાજ્ય તેણે સ્વીકારેલા હકો ઉપરથી ઓળખાય છે.

**(6) નાગરિકોમાં જાગૃતિ આવે છે :** હકોનો સ્વીકાર કરવાથી નાગરિકોમાં રાજકીય જાગૃતિ આવે છે. કારણકે હકોનો સ્વીકાર કરવામાં આવ્યો હોય તેમના પર અંકુશ મૂકવામાં ન આવે તેનું નાગરિક સતત ધ્યાન રાખે છે. આ બાબત ખૂબ જ મહત્ત્વની છે. કેમકે જો નાગરિક જાગ્રત હોય તો જ પોતાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરી શકે છે. જાગ્રત નાગરિક પોતાના હકો પર મુકાતા અયોગ્ય અંકુશનો વિરોધ કરે છે. પરિણામે લોકમત સરકારની વિરુદ્ધ જવાની શક્યતા રહે છે. લોકશાહીમાં લોકમતના આધારે જ સરકારોની રચના થાય છે અને ટકે છે.

આ પ્રમાણે હકોનું મહત્ત્વ કે તેની ઉપયોગિતા ઘણી જ હોવાના કારણે તેમનો સ્વીકાર કરવામાં આવે છે. હકોના સ્વીકાર સિવાય લોકશાહીની કલ્પના કરવી જ મુશ્કેલ છે. હક એ રાજ્ય તરફથી મળતી કોઈ ભેટ નથી પરંતુ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસની અનિવાર્ય એવી પૂર્વશરત છે, એટલે હકની જેટલી અગત્ય આંકીએ તેટલી ઓછી છે.

### મૂળભૂત હકો

ભારતના બંધારણના ત્રીજા ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18)**

**(2) સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22)**

**(3) શોષણ સામેનો હક (કલમ 23 - 24)**

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28)**

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29 - 30)**

**(6) બંધારણીય ઈલાજોનો હક (કલમ 32)**

શરૂઆતમાં બંધારણમાં ઉપર્યુક્ત છ હકો ઉપરાંત મિલકતનો હક પણ સામેલ હતો પરંતુ સમય સાથે તેમાં અનેક વિવાદો અને ગૂંચવાડા સર્જાતાં તેને મૂળભૂત હક તરીકે રદબાતલ કરી માત્ર કાનૂની હક તરીકે ચાલુ રાખવામાં આવ્યો છે. આમ, વર્તમાન સમયમાં આપણા બંધારણમાં કુલ છ મૂળભૂત હકો સમાવિષ્ટ છે. આ હકોની વિગતે જાણકારી મેળવીએ :

**(1) સમાનતાનો હક (કલમ 14 થી 18) :** સમાનતા લોકશાહીનો પાયો હોઈ બંધારણે દરેક નાગરિકને સમાનતા પ્રાપ્ત થાય તે માટે જોગવાઈ કરી છે.

(i) કલમ 14 અનુસાર ભારતમાં રહેતી બધી વ્યક્તિઓ 'કાયદા સમક્ષ સમાન' અથવા 'કાયદાનું સમાન રક્ષણ' મેળવવાનો હક ધરાવે છે. આનો અર્થ એ થાય છે કે, સમાન સંજોગોમાં દરેક પ્રત્યે રાજ્ય તરફથી સમાન વર્તાવ. ટૂંકમાં, કાયદો બધાને સરખી રીતે લાગુ પડશે અને દરેકને સમાન રક્ષણ આપશે.

(ii) કલમ 15 માં જણાવવામાં આવ્યું છે કે, રાજ્ય ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થળ કે એવી કોઈ બાબતના આધારે કોઈ પણ નાગરિક સામે ભેદભાવ રાખશે નહિ.

(iii) કલમ 16 દ્વારા જાહેર નોકરીઓમાં નાગરિકોને સમાન તકની ખાતરી આપવામાં આવી છે.

(iv) કલમ 17 દ્વારા અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારના અસ્પૃશ્ય આચરણ કે વ્યવહારને ગેરબંધારણીય અને સજાપાત્ર ગુનો જાહેર કરવામાં આવ્યો છે.

(v) કલમ 18 દ્વારા સમાજમાં કૃત્રિમ અસમાનતા ઊભા કરતા ઈલકાબો કે ખિતાબો નાબૂદ કરવામાં આવ્યાં છે. ખાસ કરીને બ્રિટિશ શાસન દરમિયાન બ્રિટિશ સરકારને મદદરૂપ થતા કેટલાક લોકોને તેની વફાદારીની કદર રૂપે બ્રિટિશ તાજ તરફથી સર, નાઈટહુડ, ખાનસાહેબ, રાવબહાદુર, કૈસર-એ-હિંદ, બેરોનેટ વગેરે જેવા ખિતાબો આપવામાં આવતા હતાં, જે સમાજમાં એક પ્રકારનો કૃત્રિમ ભેદભાવ ઊભો કરતાં હતા. આઝાદી બાદ કલમ 18 દ્વારા ભારતના નાગરિકને કોઈ પણ પ્રકારનો વિદેશી ઈલકાબ કે ખિતાબ સ્વીકારવા માટે સ્પષ્ટ રીતનો પ્રતિબંધ છે. આમ છતાં અપવાદરૂપે સેવા તથા શિક્ષણ અને જ્ઞાન કે સેવાના ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર મહાનુભાવોની સેવાની કદરરૂપે તેઓને ભિન્ન-ભિન્ન પ્રકારનાં ઍવોડ્ર્સ આપી શકાય છે. જેમકે; પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ, ભારતરત્ન વગેરે.

સમાનતાના હકના સંદર્ભમાં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સ્ત્રીઓ, બાળકો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે રાજ્ય જો કોઈ ખાસ જોગવાઈઓ જેમકે અનામત બેઠકો કે અન્ય વિશેષ સવલતો કે વ્યવસ્થા કરે તો તે સમાનતાના હકનો ભંગ ગણાશે નહિ.

આમ, સમાનતાના હકનો ઉદ્દેશ ભારતમાં 'કાયદાનું શાસન' સ્થાપિત કરવાનો છે.

**(2) સ્વતંત્રતાનો હક (કલમ 19 થી 22) :** લોકશાહીના પ્રાણ સમાન સ્વતંત્રતાનો હક બંધારણમાં આપવામાં આવ્યો છે. તેમાં 19મી કલમ હેઠળ જે સ્વતંત્રતાઓ આપી છે. તેનું વિશેષ મહત્ત્વ છે. આ સ્વતંત્રતાઓ આ પ્રમાણે છે :

(i) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય

(ii) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના ભેગા થવાનું સ્વાતંત્ર્ય

(iii) મંડળો, સંસ્થાઓ કે સંઘો રચવાનું સ્વાતંત્ર્ય

(iv) ભારતના કોઈ પણ પ્રદેશ કે વિસ્તારમાં મુક્તપણે હરવા-ફરવાનું સ્વાતંત્ર્ય

(v) ભારતના કોઈ પણ ભાગમાં રહેવાની તેમજ કાયમી ધોરણે સ્થાયી વસવાટ કરવાની સ્વતંત્રતા

(vi) કોઈ પણ વ્યવસાય, ધંધો, રોજગાર કે વેપાર કરવાનું સ્વાતંત્ર્ય

આપણે રાજ્ય અને સમાજમાં રહીએ છીએ એટલે આ બધી સ્વતંત્રતાઓનો ઉપયોગ મન ફાવે તે રીતે અથવા સ્વચ્છંદી રીતે કરી ન શકીએ તેથી આ દરેક સ્વતંત્રતા ઉપર બંધારણે અમુક વાજબી મર્યાદાઓ મૂકેલી છે. કઈ સ્વતંત્રતા કઈ મર્યાદાઓ હેઠળ ભોગવવાની છે એની સ્પષ્ટતા પણ બંધારણમાં કરવામાં આવી છે.

વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય કેટલીક મર્યાદાઓને આધીન રહીને નાગરિક ભોગવી શકે છે. જેમકે, રાજ્યની સલામતી, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થા, સુરુચિ અને નીતિમત્તા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી કે ગુના માટે ઉશ્કેરણી વગેરે જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય જાહેર હિતમાં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર વાજબી મર્યાદા લાદી શકે છે. આ જ રીતે જાહેર વ્યવસ્થાના હિતમાં શાંતિપૂર્ણ અને શસ્ત્રો વિના ભેગા મળવાની સ્વતંત્રતા પર રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. એ જ રીતે મંડળો, સંસ્થાઓ અને સંઘો રચવાની સ્વતંત્રતા પર પણ એ આધારે મર્યાદા મૂકી શકે છે. ઉપરાંત, જાહેર હિતમાં દેશમાં મુક્તપણે હરવા-ફરવાની સ્વતંત્રતા પર પણ રાજ્ય વાજબી મર્યાદા લાદી શકે છે. ધંધો-વેપાર અને વ્યવસાય કરવાની સ્વતંત્રતા પર પણ જાહેર હિતમાં મર્યાદા લાદી શકે. જે-તે ધંધો-વ્યવસાય કરવા માટે જરૂરી લાયકાતો કે ધોરણો રાજ્ય નક્કી કરી શકે છે. આમ, નાગરિકોએ યોગ્ય મર્યાદામાં રહીને સ્વતંત્રતાઓ ભોગવવાની છે.

કલમ 20, 21 અને 22 વ્યક્તિ-સ્વાતંત્ર્યના રક્ષણ સાથે જોડાયેલી છે. કલમ 20 હેઠળ વ્યક્તિને ચાર સલામતીઓ આપવામાં આવી છે : (ક) ગુનાના સમયે અમલમાં હોય તે કાયદાનો ભંગ કર્યો હોય તો જ વ્યક્તિને ગુનેગાર ઠેરવી શકાય. (ખ) ગુનાના સમયે અમલી કાયદામાં જણાવવામાં આવી હોય તેથી વધુ સજા કરી શકાય નહિ. (ગ) એક જ ગુના માટે એકથી વધુ વાર સજા કરી શકાય નહિ. (ઘ) ગુનેગારને પોતાની વિરુદ્ધ જુબાની આપવાની ફરજ પાડી શકાય નહિ.

કલમ 21 જીવન અને અંગત સ્વાતંત્ર્યના રક્ષણની ખાતરી આપે છે. કલમ 21 હેઠળ આપવામાં આવેલ જીવન અને અંગત સ્વાતંત્ર્યનું અર્થઘટન કરતાં ભારતની સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે, જીવનનો અર્થ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવું એવો થતો નથી, પણ 'માનવીય ગૌરવ સાથે જીવવું' એવો થાય છે. શિક્ષણ વગર માનવ ગૌરવભર્યું જીવન કેવી રીતે જીવી શકે ? તેથી વર્ષ 2002માં 86માં બંધારણીય સુધારા દ્વારા કલમ 21(A)નો ઉમેરો કરવામાં આવ્યો અને બાળકના પ્રાથમિક શિક્ષણ મેળવવાના હકને મૂળભૂત હકનો દરજ્જો આપવામાં આવ્યો. વર્ષ 2009માં તેને કાયદાનું સ્વરૂપ અપાયું અને છથી ચૌદ વર્ષના બાળકને રાજ્યે 'નિઃશુલ્ક અને ફરજિયાત' શિક્ષણ પૂરું પાડવાનું રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી. આ રીતે શિક્ષણ મેળવવાનો હક-રાઈટ ટુ એજ્યુકેશન (RTE) મૂળભૂત હકનું સ્થાન પામ્યો. આમ, જીવન જીવવાના હકને વધુ વિસ્તૃત બનાવવામાં આવ્યો છે.

કલમ 22 હેઠળ ધરપકડ અને અટકાયત સામે રક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે : (ક) ધરપકડનું કારણ જાણવાનો હક (ખ) પોતાની પસંદગીના વકીલ સાથે ચર્ચા અને તેના દ્વારા બચાવ કરવાનો હક (ગ) ધરપકડ કે અટકમાં લેવામાં આવેલ વ્યક્તિને નજીકના મૅજિસ્ટ્રેટ સમક્ષ 24 કલાકમાં રજૂ કરવો જરૂરી છે. અપવાદરૂપે, ધરપકડના સમયે દુશ્મન રાજ્યની વ્યક્તિને આ અધિકારો મળતાં નથી. આ ઉપરાંત જેમની અટકાયતી ધારા હેઠળ ધરપકડ થઈ હોય તેમને પણ આ અધિકારો મળતાં નથી.

આ પ્રમાણે વ્યક્તિઓની પાયાની સ્વતંત્રતાઓનું રક્ષણ કરવા માટે આ કલમો હેઠળ આપવામાં આવેલા હકો મહત્ત્વના છે.

**(3) શોષણ સામેનો હક (કલમ 23-24) :** શોષણ મુક્ત સમાજની રચના એ આપણા બંધારણનું એક ધ્યેય છે. આ સંદર્ભમાં એક મૂળભૂત હક તરીકે શોષણ વિરોધી હકનો સમાવેશ કરવામાં આવ્યો છે. કલમ 23 હેઠળ વેઠપ્રથા અને મનુષ્યોનાં ખરીદ-વેચાણ પર પ્રતિબંધ છે. આ અધિકાર ખાનગી વ્યક્તિ કે સંગઠનો દ્વારા કરાવવામાં આવતી વેઠપ્રથા, ભીખ અને

ધાકધમકીથી દબાણપૂર્વક કરાવવામાં આવતી મજૂરી વગેરે જેવા કાર્યને રોકે છે અને કાયદા હેઠળ ગુનાપાત્ર ઠેરવે છે. આમ છતાં, રાજ્ય જાહેર હેતુઓ માટે ફરજિયાત સેવાઓ માંગી શકે છે. દા.ત., ફરજિયાત લશ્કરી તાલીમ.

આ અધિકાર સ્ત્રીઓ તેમજ બાળકોની ગેરકાયદે કે અનૈતિક હેતુઓ માટે કરવામાં આવતી ખરીદી, વેચાણ કે ભાડે રાખવાના કાર્યને રોકે છે.

કલમ 24 કુમળી વયનાં બાળકો કે કિશોરોને શોષણ સામે સલામતી પૂરી પાડે છે. આ કલમ 14 વર્ષથી ઓછી વયનાં બાળકોને કોઈ પણ પ્રકારના કામમાં નોકરીએ રાખવાની મનાઈ ફરમાવે છે. આ સંદર્ભમાં ભારતની સંસદે બાળ મજૂરી વિરોધી કાયદો પણ પસાર કર્યો છે. આમ, કલમ 24 બાળકોને રક્ષણ પૂરું પાડે છે.

**(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક (કલમ 25 થી 28) :** બંધારણનાં લક્ષણોની ચર્ચામાં તેમજ આમુખમાં આપણે જોઈ ગયા છીએ કે, ભારત એક બિનસાંપ્રદાયિક કે ધર્મનિરપેક્ષ રાજ્ય છે. એનો અર્થ એ થાય કે ભારતનું રાજ્ય કોઈ ધર્મ કે સંપ્રદાયના સિદ્ધાંતો કે માન્યતાઓને આધારે ચાલતું નથી. રાજ્યને પોતાનો કોઈ ધર્મ નથી. આપણા દેશમાં ઘણા ધર્મો પાળવામાં આવે છે. આથી ધાર્મિક સ્વતંત્રતાનો હક માન્ય રાખવામાં આવ્યો છે. વ્યક્તિના ધર્મ કે ધાર્મિક માન્યતાઓ કે શ્રદ્ધાની બાબતમાં રાજ્ય સંપૂર્ણ રીતે નિરપેક્ષ છે. કલમ 25 અનુસાર દરેક નાગરિક અંતઃકરણની સ્વતંત્રતા ધરાવે છે, પોતાને પસંદ એવા કોઈ પણ ધર્મમાં માનવાની, તેનું આચરણ કરવાની, તેનો પ્રચાર અને પ્રસાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે. સાથે એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે ધાર્મિક બાબતો સાથે સંકળાયેલી આર્થિક, નાણાકીય અને રાજકીય પ્રવૃત્તિઓ ઉપર સરકાર જરૂરી નિયમનો મૂકી શકે છે. ઉપરાંત જાહેર વ્યવસ્થા અને નીતિમત્તાના આધાર પર રાજ્ય આ હક પર જરૂરી નિયંત્રણો લાદી શકે છે.

કલમ 26 હેઠળ દરેક ધાર્મિક સંપ્રદાયને ધાર્મિક સંસ્થાઓ સ્થાપવાનો, નિભાવવાનો, સ્થાવર અને જંગમ મિલકતો રાખવાનો તેમજ નિભાવવાનો કે વહીવટ કરવાનો અધિકાર છે. કલમ 27 અનુસાર ધાર્મિક સંસ્થાઓના વિકાસ કે જાળવણી માટે કોઈ પણ વેરો આપવાની નાગરિકને ફરજ પાડી શકાય નહિ. કલમ 28 મુજબ રાજ્યની સહાયથી ચાલતી શિક્ષણ સંસ્થાઓમાં કોઈ એક ધર્મ માટેનું વિશિષ્ટ શિક્ષણ આપી શકાય નહિ તેમજ કોઈ વિદ્યાર્થીને ધર્મની વિધિ પ્રમાણે વર્તન કરવા ફરજ પાડી શકાય નહિ. અહીં એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે, ધાર્મિક શિક્ષણ આપવાના હેતુસર સ્થાપવામાં આવેલ કોઈ સખાવતી કે ટ્રસ્ટની સંસ્થાઓને આ લાગુ પડશે નહિ.

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો (કલમ 29-30) :** ભારતમાં અનેક પ્રકારની વિવિધતા છે. જેમકે વિવિધ ભાષા, લિપિ, ધર્મ, જ્ઞાતિ, જાતિ, સંસ્કૃતિ વગેરે. આથી આ વૈવિધ્યની જાળવણી કરવા માટેના અધિકારો બંધારણમાં સુરક્ષિત કરવામાં આવ્યા છે. કલમ 29 અને 30 વિવિધ સમૂહોને પોતાની ભાષા, લિપિ કે સંસ્કૃતિનું જતન અને રક્ષણ કરવાના હકો આપે છે. કલમ 29 અનુસાર પોતાની આગવી ભાષા, લિપિ કે સંસ્કૃતિ ધરાવતી કોઈ પણ લઘુમતીને તેનું જતન કરવાનો હક છે. ઉપરાંત, એવી પણ બાંયધરી આપવામાં આવી છે કે, રાજ્યની મદદથી ચાલતી કોઈ પણ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ આપવાની બાબતે ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા કે એવી કોઈ બાબતને આધારે કોઈ ભેદભાવ આચરવામાં આવશે નહિ.

કલમ 30 હેઠળ ધર્મ કે ભાષાના આધારે રચાયેલી બધી જ લઘુમતીઓને તેમની પોતાની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. ઉપરાંત, અમુક સંસ્થા લઘુમતી સંસ્થા છે, એ જ કારણસર એવી સંસ્થા પ્રત્યે રાજ્ય કોઈ ભેદભાવ આચરશે નહિ.

ભારત જેવા દેશમાં, જ્યાં વિવિધ પ્રકારની લઘુમતીઓ છે, ત્યાં આ હકોનું વિશિષ્ટ મહત્ત્વ છે.

### મિલકતનો હક (કલમ 31) અને તેની નાબૂદી

બંધારણના અમલની સાથે મૂળભૂત હકોમાં મિલકતના હકનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતના નાગરિકને મિલકત પ્રાપ્ત કરવાનો, ધરાવવાનો અને નિકાલ કરવાનો અધિકાર મૂળભૂત હક તરીકે પ્રાપ્ત હતો. પરંતુ, તેના અર્થઘટન સંબંધે ખૂબ વિવાદો સર્જાયા, મિલકતના હકને સ્પષ્ટ કરવા બંધારણમાં પણ અનેક સુધારાઓ કરવા પડ્યાં છેવટે 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા આ હકને મૂળભૂત હકોની યાદીમાંથી ખસેડીને નવી કલમ-300 (A)માં મૂકવામાં આવ્યો

છે. જોકે, તેમાં જૂના શબ્દો જ યથાવત્ રખાયેલા છે. હવે આ હક માત્ર કાનૂની હકનું સ્થાન ધરાવે છે. એટલે કે, કાયદાના આધાર વિના કોઈ પણ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકાશે નહિ.

**(6) બંધારણીય ઈલાજોનો હક (કલમ 32) :** મૂળભૂત હકોના અમલ અને રક્ષણ માટે બંધારણીય ઈલાજોના હકને એક મૂળભૂત હકનો દરજ્જો આપીને બંધારણના ઘડવૈયાઓએ આ હકોને વધુ સલામત બનાવ્યા છે. ભારતના કોઈ પણ નાગરિકને એવું લાગે કે એના મૂળભૂત હકોનો અમલ થતો નથી અથવા તો તેનો ભંગ થાય છે, તો તે આ હક દ્વારા સર્વોચ્ચ અદાલતમાં જઈ ધા નાખી શકે છે. આમ, આ હક નાગરિકને અદાલતોમાં જવાનો હક આપે છે. તો બીજી બાજુ આ હક હેઠળ સર્વોચ્ચ અદાલતની એ ફરજ બને છે કે તેઓ નાગરિકોના હકોનું રક્ષણ કરે. બંધારણસભાના સભ્ય અને મુસદા સમિતિના અધ્યક્ષ એવા ડૉ. ભીમરાવ આંબેડકરે આ હક વિશે જણાવ્યું હતું કે, ''તે બંધારણનો આત્મા છે અને બંધારણનું હાર્દ છે.''

કલમ 32 હેઠળ નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે સર્વોચ્ચ અદાલતને કેટલાક હુકમો બહાર પાડવાની સત્તા આપવામાં આવી છે.

### મૂળભૂત હકોનું રક્ષણ

નાગરિકોના હકોનું રક્ષણ કરવા માટે રાજ્યના કાયદાની જોગવાઈ કરવામાં આવી છે. જો કોઈ પણ વ્યક્તિ અથવા તો સંસ્થા બીજી વ્યક્તિના મૂળભૂત હકનો ભંગ કરે તો રાજ્યનો કાયદો તે વ્યક્તિના હકનું રક્ષણ કરે છે અને હકનો ભંગ કરનારને શિક્ષા કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે સરકાર દ્વારા નાગરિકોના હકોને મર્યાદિત બનાવવા પ્રયત્નો થાય છે. આવા સંજોગોમાં આ હકોનું રાજ્યથી કેવી રીતે રક્ષણ કરવું તેનો પણ વિચાર કરવામાં આવ્યો. આધુનિક લોકશાહીમાં હકોના રક્ષણ માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. જેમકે; મૂળભૂત હકોને બંધારણમાં લેખિત સ્વરૂપ આપીને, ન્યાયતંત્ર દ્વારા સલામતી. આ ઉપરાંત નાગરિકોની જાગૃતિ તેમજ અસરકારક લોકમત પણ હકોના રક્ષણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### મૂળભૂત ફરજો

આપણા બંધારણમાં મૂળભૂત હકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ મૂળભૂત ફરજોને સ્થાન આપવામાં આવ્યું ન હતું. પરંતુ પાછળથી 1976માં બંધારણમાં 42મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો અને આ સુધારા દ્વારા બંધારણમાં ભાગ 4-A તથા નવી કલમ 51(A) હેઠળ મૂળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રમાણે લોકશાહી રાજ્યોનાં બંધારણોમાં મૂળભૂત ફરજોની જોગવાઈ કરતું ભારતીય બંધારણ ખાસ ધ્યાન ખેંચે છે.

### બંધારણની કલમ-51(A) હેઠળ ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :

(1) બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો તેમજ રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર તથા ગૌરવ કરવું.

(2) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોનો હૃદયથી આદર કરવો અને તે અનુસાર વર્તવું.

(3) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને રક્ષણ કરવું.

(4) દેશનું રક્ષણ અને રાષ્ટ્રની સેવા કરવા માટે જ્યારે હાકલ કરવામાં આવે ત્યારે તત્પર રહેવું.

(5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવી અને સ્ત્રીઓના ગૌરવને હણનારા વ્યવહારોનો ત્યાગ કરવો.

(6) આપણી વિશિષ્ટ સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજવું અને તેને જાળવવું.

(7) જંગલો, તળાવો, નદીઓ અને અન્ય પશુપક્ષીઓ સહિતની કુદરતી સંપત્તિનું જતન તથા સંવર્ધન કરવું તેમજ તમામ જીવો પ્રત્યે અનુકંપા દાખવવી.

(8) વૈજ્ઞાનિક માનસ, માનવવાદ, શોધ કે જિજ્ઞાસાવૃત્તિ તથા સુધારણા કરવા માટેની ભાવના કેળવવી.

(9) જાહેર મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

(10) વ્યક્તિ અને સમૂહ પ્રવૃત્તિના દરેક ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો, જેથી રાષ્ટ્ર પ્રગતિ અને સિદ્ધિનાં સોપાનો ઉત્તરોત્તર હાંસલ કરતું રહે.

(11) માતા-પિતા અથવા વાલીએ 6થી 14 વર્ષની વય સુધીના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.

આમ, આ બધી ફરજો સ્વયંસ્પષ્ટ છે.

હકો અને ફરજો વિશે સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે તે એક સિક્કાની બે બાજુઓ જેવા છે. 'એકનો હક એ બીજાની ફરજ' એવું કહેવાય છે. પરંતુ મૂળભૂત ફરજોની બાબતમાં એવું કહી શકાય નહિ. અમુક એવી ફરજો છે કે જેના પાલન થકી કેટલાક હકોનું સર્જન થાય છે. અલબત્ત, આ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો છે જે સમાજ અને રાષ્ટ્રમાં આપણે રહીએ છીએ તેમના પ્રત્યે આપણી કેટલીક ફરજો છે.

વધુમાં, આ ફરજો આપોઆપ નાગરિકો માટે બંધનકારક બનતી નથી, પણ જો કોઈ ફરજને લાગુ પાડવા માટે કાયદો ઘડવામાં આવે તો તેનું પાલન કરવું બંધનકારક બને છે. અને તેનો ભંગ કરનારને સજા અથવા દંડ થઈ શકે છે. દા.ત., પર્યાવરણનું જતન કે વન્યજીવનના રક્ષણ માટે કાયદા ઘડવામાં આવ્યા છે અને તેનો ભંગ કરનારને સજા થઈ શકે છે. આ જ રીતે જાહેર મિલકતોને નુકસાન કરનાર કે હિંસાનો આશરો લેનાર સજાપાત્ર બને છે. કેટલીક ફરજો આદર્શો અને મૂલ્યોની જાળવણી કરવાની વાત કરે છે. જેમના માટે કાયદા ઘડવા અત્યંત મુશ્કેલ છે. દા.ત., વૈજ્ઞાનિક માનસ કેળવવું, સુધારણા કરવાની ભાવના રાખવી, માનવવાદનાં મૂલ્યોને જીવનમાં ચરિતાર્થ કરવાં વગેરે.

રાષ્ટ્રના એક જાગ્રત અને સમજદાર નાગરિક તરીકે આપણે શું કરવું જોઈએ તેનું સ્પષ્ટ માર્ગદર્શન આ મૂળભૂત ફરજો આપણને આપે છે. સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે આપણું જે ઋણ છે, એ આપણે સતત યાદ રાખીએ અને એવો વ્યવહાર કરીએ, એમાં જ આ ફરજોની ઉપયોગિતા છે. વિશેષ અગત્યની બાબત એ છે કે પ્રાથમિક શાળાથી પાઠ્યપુસ્તકોના શરૂઆતના પાના પર જ આ ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકો અને કિશોરોમાં જો આ ફરજોનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય અને એમને એનું સતત શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યના નાગરિકોમાં સામાજિક અને રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વની ભાવના વધુ મજબૂત બનાવી શકાય.

## રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના ભાગ-4 માં કરવામાં આવ્યો છે. ઘણા ઓછા દેશોનાં બંધારણોમાં આવા માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ થયેલો છે. આયર્લેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈ આપણા બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતોનો સમાવેશ આપણા બંધારણમાં કર્યો છે. માર્ગદર્શક સિદ્ધાંતોનો બંધારણમાં સમાવેશ કરવાનો મુખ્ય હેતુ સરકારોને જુદાં-જુદાં ક્ષેત્રોમાં કઈ-કઈ અને કેવી-કેવી નીતિઓ ઘડવી તે સંબંધે માર્ગદર્શન આપવાનો છે. એટલા માટે તેને 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' કહેવામાં આવે છે. નીતિ ઘડતર વખતે આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડવાની છે અને તેમનો અમલ કરવાનો છે. આ અર્થમાં તેને 'નીતિદર્શક સિદ્ધાંતો' તરીકે પણ ઓળખાવી શકાય. આઝાદી પછી આપણે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવા ઇચ્છીએ છીએ, કેવા પ્રકારનો સમાજ રચવા માંગીએ છીએ, આપણું ધ્યેય શું છે વગેરેનું સ્પષ્ટ દિશાસૂચન કરવાનો હેતુ આ સિદ્ધાંતોનો છે. બીજા શબ્દોમાં, સામાજિક પરિવર્તનની કાર્યસૂચિ (એજન્ડા) છે.

કેટલાક હકોનો સમાવેશ આપણા બંધારણમાં મૂળભૂત હકો તરીકે કરવામાં આવ્યો છે. પણ બીજા ઘણા હકો એવા છે જેનો સમાવેશ માર્ગદર્શક સિદ્ધાંતોમાં કરવામાં આવ્યો છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતના બંધારણના ચોથા ભાગમાં 36મી કલમથી 51મી કલમ સુધીમાં સમાવવામાં આવ્યા છે.

હવે આપણે કયા-કયા સિદ્ધાંતોનો માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેની વિગતે સમજ મેળવીએ.

**(1) રાજકીય અને વિદેશી સંબંધો વિશેના સિદ્ધાંતો :**

(i) ગ્રામીણ જીવનના વિકાસ માટે ગ્રામપંચાયતોની સ્થાપના તથા તેમને વધુમાં વધુ સ્વાયત્તતા આપવાના પ્રયાસો રાજ્ય કરશે.

(ii) ભારતમાં રહેતા બધા નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો (યુનિફૉર્મ સિવિલ કોડ) ઘડવાનો પ્રયાસ રાજ્ય કરશે.

(iii) કાયદાનું શાસન સ્થાપવા માટે વહીવટીતંત્રને ન્યાયતંત્રથી અલગ કરવા માટેનાં જરૂરી પગલાં રાજ્ય ભરશે.

(iv) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જળવાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(v) અન્ય દેશો સાથે ન્યાયી અને ગૌરવપ્રદ સંબંધો જળવાય એ દિશામાં રાજ્ય પ્રયાસ કરશે.

(vi) આંતરરાષ્ટ્રીય કાયદાનો આદર થાય અને આંતરરાષ્ટ્રીય કરારનું પાલન થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) આંતરરાષ્ટ્રીય મતભેદોનો નિકાલ લવાદ પ્રથાને માર્ગે થાય એ બાબતને રાજ્ય પ્રોત્સાહન આપશે.

**(2) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સમાજના અન્ય નબળા અને વંચિત વર્ગોના રક્ષણ અને ઉત્કર્ષ માટે રાજ્યએ વિશેષ પ્રયાસો કરવાના છે. માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરાંત સમાનતાના મૂળભૂત હક હેઠળ પણ આવી જોગવાઈઓ કરવાની રાજ્યને છૂટ આપવામાં આવી છે.

રાજ્ય પોતાનાં નાણાકીય સાધનોના પ્રમાણમાં રોજી માટે, શિક્ષણ માટે તથા બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી કે અન્ય પ્રકારની અક્ષમતાની સ્થિતિમાં રાજ્યની સહાય મેળવવા માટે નાગરિકને અધિકાર આપશે. ખેતી તેમજ ઔદ્યોગિક કામદારો અને ખાસ કરીને સ્ત્રી કામદારોના કલ્યાણ અંગેના કાયદાઓ રાજ્યે કરવાના રહેશે. જીવનક્ષમ વેતન, આરામ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રજાના ઉચિત ઉપયોગ તેમજ અન્ય સુવિધાઓનો એમાં સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગો તથા સહકારી પ્રવૃત્તિઓ તથા બાળકો માટે ફરજિયાત શિક્ષણ માટે, સમતોલ આહાર અને સ્વાસ્થ્ય સેવાઓ શરૂ કરવા માટે તથા માદક દ્રવ્યો ઉપર પ્રતિબંધ મૂકવા વગેરે અંગે રાજ્યએ જોગવાઈઓ કરવાની રહેશે.

આર્થિક નીતિક્ષેત્રમાં પણ ઘણા મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે આ પ્રમાણે છે :

(i) રાષ્ટ્રનાં ભૌતિક સંસાધનોની માલિકી અને વહીવટનું એવી રીતે વિતરણ કરવું કે જેથી સૌનું શ્રેય સધાય.

(ii) સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ ન થાય તેની તકેદારી રાજ્યએ રાખવાની રહેશે.

(iii) જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પ્રાપ્ત કરવાનો હક સૌ નાગરિકોને મળે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(iv) સમાન કામગીરી માટે સ્ત્રી અને પુરુષને સમાન વેતનની જોગવાઈ કરવી.

(v) સ્ત્રી-પુરુષ કામદારો અને કુમળી વયનાં બાળકોના સ્વાસ્થ્યની જાળવણી કરવી. આર્થિક લાચારીને કારણે ઉંમર અને ક્ષમતાથી વિરુદ્ધ સ્વરૂપની કામગીરી તેમને કરવી ન પડે તે માટેની રાજ્યએ કાળજી રાખવી.

(vi) ઔદ્યોગિક એકમોના સંચાલનમાં કામદારોની ભાગીદારી માટે રાજ્ય પ્રયાસ કરશે.

(vii) બાળકોના તંદુરસ્ત વિકાસ માટે જરૂરી તકો અને સવલતો ઊભી કરવામાં આવે અને તેમનું કોઈ પણ પ્રકારનું શોષણ ન થાય એ માટે રાજ્યએ ખાસ પ્રકારનાં પગલાં ભરવાનાં રહેશે.

(viii) નાગરિકોને કામ કરવાનો હક પ્રાપ્ત થાય તથા ઘડપણ કે અપંગ અવસ્થામાં તેમને રાજ્ય તરફથી સહાય પ્રાપ્ત થાય એ દિશામાં રાજ્ય પગલાં ભરશે.

(ix) કામદારોના કામના સ્થળે યોગ્ય અને માનવીય પરિસ્થિતિઓનું સર્જન કરવામાં આવે, સ્ત્રીઓને પ્રસૂતિ સમયે જરૂરી રાહત પૂરી પાડવામાં આવે તે જોવાનું કાર્ય રાજ્યનું રહેશે.

(x) કૃષિ અને ઔદ્યોગિક કામદારોને જીવનનિર્વાહ થઈ શકે એટલું યોગ્ય અને પૂરતું વેતન પ્રાપ્ત થાય, રાજ્ય દ્વારા કુટીરઉદ્યોગ અને ગૃહ ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવે તેવી વ્યવસ્થાનું નિર્માણ રાજ્યએ કરવાનું રહેશે.

(xi) કૃષિ અને પશુપાલનનો આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વિકાસ કરવામાં આવે તેમજ દુધાળાં પશુઓની કતલ અટકાવવાનો પ્રયાસ કરવાનો રહેશે.

(xii) સૌને ન્યાય મળે એ રીતે ન્યાય અંગેની વ્યવસ્થા અને જરૂરિયાતમંદ લોકોને મફત કાનૂની સહાય મળે તે માટે રાજ્ય પ્રબંધ કરશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ એક સમતામુલક, શોષણવિહીન, કલ્યાણલક્ષી સમાજ અને સમાજવાદી અર્થવ્યવસ્થા સ્થાપવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકીય લોકશાહીની સાથે સાથે સામાજિક તેમજ આર્થિક લોકશાહી સ્થાપવાનો છે.

**(3) શૈક્ષણિક અને સાંસ્કૃતિક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

(i) બંધારણના આરંભ થવાના દસ વર્ષની અંદર ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે.

(ii) ઐતિહાસિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ મહત્ત્વના જાહેર કરવામાં આવ્યા હોય એવાં સ્મારકો, કલાકૃતિઓ, ઇમારતો કે સ્થળોનાં બગાડ, વિકૃતિ કે વિનાશ અટકાવવા તેમજ રાજ્ય દ્વારા તેનું રક્ષણ કરવાનું રહેશે.

આમ, આ સિદ્ધાંતોનો હેતુ ચૌદ વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને સાર્વત્રિક શિક્ષણ આપવાનો અને રાષ્ટ્રના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાનું યોગ્ય રીતે જતન થાય તે જોવાનો છે.

**(4) આરોગ્યવિષયક નીતિઓ સંબંધી સિદ્ધાંતો :**

(i) લોકોનું આરોગ્ય અને પોષણનું સ્તર સુધરે એ માટે રાજ્ય પ્રયાસ કરશે. જાહેર આરોગ્ય અને જનસુખાકારી માટે રાજ્ય જરૂરી પગલાં ભરશે.

(ii) આરોગ્ય માટે હાનિકારક એવાં કેફી પદાર્થો, પીણાં, માદક પદાર્થો વગેરે પર રાજ્ય પ્રતિબંધ મૂકશે. દારૂબંધી અંગેની જોગવાઈઓ પણ રાજ્યએ કરવાની રહેશે. જેમકે, ગુજરાત રાજ્યમાં દારૂબંધી અમલમાં છે અને તાજેતરમાં કેરલ તથા બિહાર રાજ્યએ પણ દારૂબંધી દાખલ કરી છે.

(iii) દેશના પર્યાવરણનું રક્ષણ થાય અને તેમાં સુધારો થાય એ માટે રાજ્ય પ્રયાસ કરશે. દેશનાં જંગલો અને વન્યસૃષ્ટિના રક્ષણ માટેના ખાસ પ્રયાસો રાજ્યએ કરવાના રહેશે.

આમ, નાગરિકોના આરોગ્યની જાળવણી અને તેમાં સુધારો થાય એ માટે રાજ્યએ પ્રયત્નશીલ રહેવાનું છે. પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે પણ રાજ્યએ વિશેષ પ્રયાસ કરવાના છે એ મુદ્દા પર આ સિદ્ધાંતો ખાસ ભાર મૂકે છે.

બંધારણના ઘડવૈયાઓએ આ સિદ્ધાંતો દ્વારા ભારતની નવી સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું ધ્યેય આપણી સમક્ષ મૂક્યું છે. આર્થિક અને સામાજિક લોકશાહી સ્થાપવા માટે આ સિદ્ધાંતો દોરવણીરૂપ છે. આમુખમાં વ્યક્ત થયેલા લોકશાહી આદર્શોને રાજકીય, સામાજિક અને આર્થિકક્ષેત્રે મૂર્તિમંત કરવા વિસ્તૃત રીતે રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો રજૂ કરવામાં આવ્યા છે. તેમાં આધુનિક કલ્યાણ રાજ્યની ભાવના પણ વ્યક્ત થયેલી છે. આ સિદ્ધાંતોમાં જુદી-જુદી વિચારધારાઓનાં મહત્ત્વનાં તત્ત્વોનો સમન્વય કરવામાં આવ્યો છે. એમાં સમાજવાદી વિચારધારા, ઉદારમતવાદી વિચારધારા અને ગાંધીવાદી વિચારધારાના કેટલાક અંશોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. શોષણ અને અન્યાયથી મુક્ત એવી ન્યાયી સમાજ-વ્યવસ્થાનું સ્વપ્ન તેમાં રજૂ કરવામાં આવ્યું છે. આ સ્વપ્ન સાકાર કરવાની જવાબદારી 'રાજ્ય' ને શિરે મૂકવામાં આવી છે.

માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાયદાનું પીઠબળ ન હોવાથી બંધારણ ઘડતરના તબક્કાએથી જ ટીકાપાત્ર બન્યા છે. જો કે આવી અનેક ટીકાઓ થતી હોવા છતાં આ સિદ્ધાંતો અર્થહીન તો નથી જ. જો લોકમત સક્રિય અને જાગ્રત હોય તો તેનો અમલ કરાવવાની રાજ્યને ફરજ પાડી શકાય તેમ છે. અદાલતી સક્રિયતાને કારણે પણ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાની રાજ્યને ફરજ પડી છે.

સ્ત્રી અને પુરુષ કામદારોને સમાન વેતનનો આદર્શ અમલમાં મૂકવામાં આવ્યો છે. સામુદાયિક વિકાસ-યોજના દ્વારા લોકોની ઉન્નતિનાં કાર્યો કરવામાં આવ્યાં છે. પંચાયતીરાજની સ્થાપના દ્વારા સ્થાનિક સંસ્થાઓને સ્વાયત્તતા આપવામાં આવી છે. બાળકોનું શોષણ અટકાવવા માટે બાળ મજૂરીવિરોધી કાયદા ઉપરાંત અનેક કાયદાઓ થયા છે. પ્રાથમિક કક્ષાએ નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. વર્ગીકૃત જાતિઓના ઉદ્ધાર માટે ઘણાં પગલાં લેવામાં આવ્યાં છે. મહિલા કલ્યાણ અને વિકાસ અર્થે વિવિધ કાયદાઓ અને યોજનાઓની જોગવાઈઓ કરવામાં આવી છે. સ્ત્રી સશક્તિકરણની દિશામાં પણ સતત અને નક્કર પ્રયાસો થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ અને સલામતી જાળવવામાં ભારતે મહત્ત્વની કામગીરી બજાવી છે.

### મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતોનો અભ્યાસ કર્યા પછી હવે એમની વચ્ચે જે તફાવત છે, તેનો ખ્યાલ મેળવીએ :

(1) મૂળભૂત હકો પાછળ કાનૂની પીઠબળ હોઈ તેમનો અમલ અદાલતો દ્વારા કરાવી શકાય છે. મૂળભૂત હકો ઉપર તરાપ આવતાં કોઈ પણ નાગરિક અદાલતનો આશરો લઈ શકે છે. તેથી તે ‘અદાલતો દ્વારા અમલમાં મૂકી શકાય’ (જસ્ટિશિયેબલ) તેવું સ્વરૂપ ધરાવે છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો પાછળ કાનૂની પીઠબળ નથી તેથી તેનાં અમલ માટે અદાલતમાં જઈને દાદ માગી શકાય નહિ. આમ તેમનું સ્વરૂપ ‘અદાલતો દ્વારા અમલમાં ન મૂકી શકાય તેવું’ (નોન-જસ્ટિશિયેબલ) છે. આ સિદ્ધાંતો માત્ર માર્ગદર્શક છે. આમ છતાં, તેમનું મહત્ત્વ જરા પણ ઓછું નથી. ડાસ. બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં ‘‘માર્ગદર્શક સિદ્ધાંતો દેશના શાસનના પાયારૂપ સિદ્ધાંતો છે.’’

(2) મૂળભૂત હકો રાજ્ય ઉપર મર્યાદા મૂકે છે અને અમુક કાર્ય નહિ કરવાનું ફરમાવે છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હકારાત્મક છે, તે રાજ્યને અમુક કાર્ય કરવા માટેનું માર્ગદર્શન આપે છે.

(3) મૂળભૂત હકોનો રાજ્ય અનાદર કરી શકે નહિ. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે રાજ્ય જવાબદાર નથી. આ સિદ્ધાંતો દીવાદાંડી સમાન હોઈ સરકાર માટે દિશાસૂચન કરે છે.

(4) મૂળભૂત હકો, મહદંશે, દેશમાં રાજકીય લોકશાહી સ્થાપે છે. એમાં નાગરિક સ્વાતંત્ર્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જ્યારે માર્ગદર્શક સિદ્ધાંતો સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનું ધ્યેય ધરાવે છે. એમાં સામાજિક સમાનતા અને આર્થિક હકો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

અંતમાં એમ કહી શકાય કે, મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો બંને મહત્ત્વના છે. વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષ માટે બંને ઉપયોગી છે, એકબીજાના પૂરક છે.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) મૂળભૂત હકો એટલે શું ? તેનું મહત્ત્વ સમજાવો.

(2) સમાનતાના મૂળભૂત હકની વિવિધ કલમ હેઠળ ચર્ચા કરો.

(3) સ્વતંત્રતાના મૂળભૂત હકનો વિગતે ખ્યાલ આપો.

(4) ભારતીય બંધારણમાં નિર્દિષ્ટ નાગરિકની મૂળભૂત ફરજોનું વર્ણન કરો.

(5) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વિશે છણાવટ કરો.

(6) સામાજિક-આર્થિક નીતિઓ સંબંધી માર્ગદર્શક સિદ્ધાંતો જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) શોષણ વિરુદ્ધનો હક

(2) ધાર્મિક સ્વાતંત્ર્યનો હક

(3) સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક

(4) બંધારણીય ઇલાજોનો હક

(5) મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત

**3. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) માનવહકો એટલે શું ?

(2) આપણા બંધારણે આપેલા મૂળભૂત હકો કયા કયા છે ?

(3) કલમ 20 હેઠળ વ્યક્તિને કઈ-કઈ સલામતીઓ પ્રાપ્ત છે ?

(4) કલમ 21(A) હેઠળ કઈ જોગવાઈ કરવામાં આવી છે ?

(5) RTE નું પૂરું નામ જણાવો

(6) કલમ 22 હેઠળ શી-શી જોગવાઈઓ છે ?

(7) શોષણ સામેનો હક કઈ-કઈ કલમ દ્વારા પ્રાપ્ત છે ?

(8) બાળમજૂરી વિરોધી કાયદો બંધારણની કઈ કલમ હેઠળ સમાવિષ્ટ ગણાવી શકાય ?

(9) ધાર્મિક સ્વાતંત્ર્યના હકની વિવિધ કલમ કઈ-કઈ છે ?

(10) મિલકતના હકને શા માટે મૂળભૂત હક તરીકે રદબાતલ કરવામાં આવ્યો ?

(11) બંધારણના કેટલામા સુધારા દ્વારા મિલકતના હકને મૂળભૂત હકની યાદીમાંથી ખસેડી લેવામાં આવ્યો ?

(12) બંધારણીય ઇલાજોના હકની મહત્તા દર્શાવતા ડૉ. ભીમરાવ આંબેડકરે શું કહ્યું હતું ?

(13) કલમ 32 શું દર્શાવે છે ?

(14) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મૂળભૂત હકોથી કઈ રીતે જુદા પડે છે ?

(15) ઇલકાબો કે ખિતાબોની નાબૂદી શા માટે કરવામાં આવી છે ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) કયા દિવસને 'માનવ અધિકાર દિન' તરીકે મનાવવામાં આવે છે ? ☐

(અ) 7 ઑક્ટોબર (બ) 5 માર્ચ (ક) 10 ડિસેમ્બર (ડ) 3 ફેબ્રુઆરી

(2) વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શું જરૂરી છે ? ☐

(અ) ધર્મ (બ) હકો (ક) સિદ્ધાંતો (ડ) પ્રવૃત્તિ

(3) બંધારણના કેટલામાં ભાગમાં મૂળભૂત હકોને સ્થાન આપવામાં આવ્યું છે ? ☐

(અ) પ્રથમ (બ) બીજા (ક) ત્રીજા (ડ) ચોથા

(4) RTE-રાઈટ ટુ એજ્યુકેશન કઈ કલમ હેઠળ સમાવિષ્ટ છે ? ☐

(અ) 10-A (બ) 21-A (ક) 40-A (ડ) 55-A

(5) કોની ગેરહાજરી મનુષ્યને ગુલામ બનાવી શકે છે ? ☐

(અ) હકો (બ) સંસ્કૃતિ (ક) કુટુંબ (ડ) આરોગ્ય

(6) બંધારણની કઈ-કઈ કલમ હેઠળ સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો આપવામાં આવ્યા છે ? ☐

(અ) 23-24 (બ) 29-30 (ક) 34-35 (ડ) 38-39